RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 146* Date: 25.03.2020 * Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### લૉકડાઉનનો કડક અમલ શરૂ,ગુજરાતમાં વધુ ૪ કેસ નોંધાયા

# રાજ્યમાં કોરોનાનું કોમ્યુનિટી ટ્રાન્સમિશન શરૂઃ કુલ ૩૩ કેસ

*ગાંધીનગર,તા.૨૪*

ગુજરાતમાં જીવલેણ કોરોના મહામારીમાં ખતરનાક કોમ્યુનિટી ટ્રાન્સમિશન શરૂ થઈ ગયું હોવાનું મનાઇ રહ્યું છે અને આ એક એવો ત્રીજો ખતરનાક તબક્કો છે કે જો લોકો ધ્યાન નહીં રાખે તો ચીન અને ઈટાલીની જેમ હાલત બેકાબૂ બની શકે તેમ છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૧૨ નવા કેસ સાથે ગુજરાતમાં ૩૩ કેસ નોંધાયા છે. ગુજરાતમાં ૧૯થી ૨૩ માર્ચ સુધીમાં ૧૪૦૦ ટકા પોઝિટિવ કેસ વધ્યાં છે. ગઈકાલે સોમવારે મળેલા ૧૨ નવા કેસમાં ૬ કેસ તો ચેપગ્રસ્ત દર્દીને કારણે લાગેલા ચેપના છે. એટલે હવે ગુજરાતમાં એક વ્યક્તિથી બીજા વ્યક્તિને ચેપ લાગવાનું ખતરનાક સ્ટેજ શરૂ થઈ ગયું છે. સૂત્રોએ કહ્યું કે જો ગુજરાત તેમાંથી હેખેમ બહાર નિકળી ગયું તો તે ગુજરાતને કોઇ વધારે નુકશાન નહીં થાય. જો કે તે માટે લોકોનો સહયોગ અનિવાર્ય છે. લોકો સામાજિક દૂરીનું જડબેસાલક રીતે પાલન કરશે તો જ આ મહામારીના રોગવાહક જંતુઓ એક માનવ શરીરમાંથી બીજામાં પ્રવેશતા અટકશે. અને વાઈરસનું આ ચક્ર તોડવા માટે જ સરકારે લોકડાઉન જાહેર કર્યું છે. અને જો હજુ કેસો વધશે તો રોગચાળાથી લોકોને બચાવવા આખા ગુજરાતને કર્ફ્યુની કેદમાં મૂકી દેવાશે. ગુજરાતમાં હાલમાં ૧૧ હજાર ૧૦૮ લોકો હોમ ક્વોરેન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યાં છે. ઉપરાંત ૧૫૮૩ આઈસોલેશન બેડની વ્યવસ્થા કરવામાં આવી છે. હાલમાં ૬૦૯ વેન્ટિલેટર ઉપલબ્ધ છે. રાજ્યમાં



કોરોને લઈને અત્યાર સુધીમાં ૧૦ લાખ લોકોનો સર્વે કરવામાં આવ્યો છે.

હાલમાં કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે., કામ વિના ઘર બહાર નીકળતા લોકો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. કારણ વગર બહાર નીકળશો તો પોલીસ અટકાવશે. જનતા કરફ્યુ નહીં કાયદાકીય કર્ફ્યૂ લાદીને ઘરની બહાર નીકળનાર સામે કડક કાર્યવાહી કરાશે. લોકોને કાબૂમાં રાખવા SRP, RAFની કંપની તહેનાત કરવામાં આવશે. અમદાવાદ અને વડોદરા કોરોના માટે સૌથી સંવેદનશીલ છે. વિદેશમાંથી સૌથી વધુ લોકો અહીં આવ્યા છે. અમદાવાદમાં અત્યાર સુધીમાં ૧૩ કેસ મળ્યા છે. માત્ર સોમવારે જ ૬ કેસ મળ્યાં હતા. વડોદરામાં પણ સોમવારે ૩ નવા કેસ નોંધાયા છે. બંને શહેરોમાં લોકલ ટ્રાન્સમિશનની સંખ્યા પણ વધી છે. રાજ્ય સરકારના જણાવ્યા મુજબ, ૧૧,૧૦૮ લોકો હાલ ક્વોરન્ટાઈનમાં છે. જેમાંથી ૨૨૪ લોકો સરકારી સ્થાનો પર અને ૧૦૮૫૦ લોકો પોતાના ઘરમાં છે. તમામ લોકોને ૧૪ દિવસ સુધી ક્વોરન્ટાઈનમાં રહેવા માટે કહેવામાં આવ્યું છે.

ગુજરાતમાં કોરોનાના ખતરનાક પ્રસાર થઈ ગયો છે. આજે વધુ ત્રણ ૩ પોઝિટિવ કેસ સામે આવ્યા છે. જેમાં અમદાવાદમાં ૧૩, વડોદરામાં ૬, સુરતમાં ૬, ગાંધીનગરમાં ૬,રાજકોટ અને કચ્છમાં ૧-૧ કેસ પોઝિટિવ આમ છેલ્લા ૬ દિવસમાં પોઝિટિવ કેસનો આંકડો ૩૩એ પહોંચ્યો છે. જેમાંથી એક વ્યક્તિનું મોત પણ થઈ ગયું છે.

આ અંગે આજે આરોગ્ય અગ્ર સચિવ જયંતીએ રવિએ જણાવ્યું કે, દરરોજ સાંજે મુખ્યમંત્રી સાથે હાઈપાવર કમિટીની બેઠક મળશે. અત્યાર સુધીમાં ૧૦ લાખ લોકોનો સર્વે કર્યો છે. તેમજ ૧૧ હજાર ૧૦૮ લોકો હોમ ક્વોરેન્ટાઇન છે. તેની સાથે સાથે ૧૫૮૩ આઈસોલેશન બેડની વ્યવસ્થા પણ કરવામાં આવી છે અને ૬૦૯ જેટલા વેન્ટિલેટર ઉપલબ્ધ છે. જ્યારે ખાનગી હોસ્પિટલમાં ૧૫૦૦ જેટલા વેન્ટિલેટર ઉપલબ્ધ છે. આજે ૫૨ સેમ્પલ આવ્યાં છે. જેનો ટેસ્ટ બીજે મેડીકલ ખાતે કરવામાં આવશે.

જરૂર વિના ૧૦૪માં કોલ ન કરવા વિનંતી સાથે તેમણે વધુમાં કહ્યું કે, ૧૦૪માં જરુરીયાત વિના લોકોને કોલ ન કરવા વિનંતિ કરી છે. ગઈકાલે ૨૪૨૪ કોલ આવ્યા, જેણે કોવિડને લગતા સવાલો કર્યા હતા. તમામ કોલને ક્લોઝર કરવામાં આવ્યા હતા. એન-૯૫ માસ્ક- ૪૫૦૦૦ જેટલા ઉપલબ્ધ છે.

કોરોનાના કેરને કારણે સંપૂર્ણ રાજ્યમાં ૩૧ માર્ચ સુધી સરકારે લૉકડાઉન કરી દીધું છે. સમગ્ર રાજ્યમાં કલમ ૧૪૪ લાગુ કરાઈ છે. લોકો માત્ર જીવન જરૂરિયાતની ચીજવસ્તુ ખરીદવા માટે જ બહાર નીકળી શકશે. જો કોઈપણ વ્યક્તિ ઘરની બહાર કારણ વગર નીકળશે તો તેને પોલીસ અટકાવશે અને તેની સામે કાયદાકીય કાર્યવાહી હાથ ધરાશે. લૉકડાઉનનું ચુસ્ત પાલન માટે પોલીસ ઉપરાંત એસઆરપીની ૬ કંપની, રેપિડ એક્શન ફોર્સની ૪ કંપની પણ રાજ્યમાં તહેનાત રહેશે. પોલીસે ગુજરાતના તમામ જિલ્લાની અને રાજ્યની અન્ય રાજ્યો સાથેની બોર્ડર સીલ કરી દીધી છે.ગુજરાતમાં કોરોનાનો પ્રકોપ ભયાનક સ્તરે પહોંચી ગયો છે, ૨૪ જ કલાકમાં ૧૨ નવા પોઝિટિવ કેસ સામે આવ્યા છે. હવે સંખ્યા ૩૩ પર પહોંચી ગઇ છે. છેલ્લા ૯૦ કલાકમાં જ આશરે ૧૪૦૦ ટકા કેસ વધ્યા છે. સૌથી વધુ ૧૩ કેસ અમદાવાદમાં મળ્યા છે. આ સ્થિતિ જોતા હવે સમગ્ર રાજ્યમાં ૩૧ માર્ચ સુધી લૉકડાઉન જાહેર કરાયું છે. તેનું કડકાઈથી પાલન કરાશે. આ મહામારીથી બચવાનો એક જ વિકલ્પ છે કે આપણે પોતાને સુરક્ષિત રાખીએ. પોતાના ઘરમાં જ રહીએ અને બને ત્યાં સુધી બીજા લોકો સાથે અંતર જાળવીએ.

### પૂર્વોત્તરમાં મણિપુર ખાતે કોરોનાનો સૌપ્રથમ કેસ નોંધાયો

# દેશમાં કોરોનાના કહેર યથાવત્: કુલ ૧૦ના મોત,૫૦૮ સંક્રમિત

*ન્યુ દિલ્હી,તા.૨૪*

દેશમાં કોરોના વાઈરસ સંક્રમિતોની સંખ્યા ૫૦૮ થઈ ગઈ છે, જ્યારે ૧૦ લોકોના મોત થઈ ચુક્યા છે. મહારાષ્ટ્રમાં સૌથી વધારે ૧૦૧ કેસની પુષ્ટી થઈ ચુકી છે. બીજા નંબરે કેરળ છે. સાથે જ મંગળવારે મણિપુરમાં સંક્રમણનો પહેલો કેસ સામે આવ્યો છે. ૨૩ વર્ષીય સંક્રમિત યુવતી તાજેતરમાં જ બ્રિટનથી પાછી આવી હતી. સંક્રમણને ફેલાવાથી રોકવા માટે ૩૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ પુરી રીતે લોકડાઉનની જાહેરાત કરી છે.

મહારાષ્ટ્રમાં કોરોનાને કારણે વધુ એક દર્દીનું મોત નીપજ્યાની ખબર સામે આવી છે. મુંબઈમાં મંગળવારે એક કોરોના સંક્રમિતની મોત થઈ ગઇ છે. આની સાથે દેશમાં આ વાયરસને કારણે મરનારની સંખ્યા ૧૦ થઈ ગઇ છે. કોરોનાના આંધ્ર પ્રદેશમાં ૭, બિહારમાં ૨, છત્તીસગઢમાં એક, ચંડીગઢમાં ૬, દિલ્હીમાં ૨૯, ગુજરાતમાં ૩૩, હરિયાણામાં ૨૬, હિમાચલ પ્રદેશમાં ૨, જમ્મુ-કાશ્મીરમાં ૪, કર્ણાટકમાં ૩૩, કેરળમાં ૯૫, લદ્દાખમાં ૧૩, મધ્ય પ્રદેશમાં ૬, મહારાષ્ટ્રમાં ૧૦૧, ઓડિશામાં ૨, પોંડીચેરીમાં એક, પંજાબમાં ૨૩, રાજસ્થાનમાં ૩૨, તમિલનાડુમાં ૧૨,તેલંગાણામાં ૩૩, ઉત્તર પ્રદેશમાં ૩૩, ઉત્તરાખંડમાં ૫ અને પશ્ચિમ બંગાળમાં ૭ કેસો નોંધાયા છે. તેમાંથી ૧૦ લોકોના મોત થયા છે, જ્યારે ૪૪ લોકો સાજા થઈને ઘર જતા રહ્યા છે.

પાંચ રાજ્યોમાં કર્ફ્યૂ લાગુ કરવામાં આવ્યો છે. દેશભરમાં લોકડાઉન અને કર્ફ્યૂ લાગુ કરવા માટે પોલીસ રસ્તાઓ પર છે. પોલીસ બેરિકેડિંગ કરીને માત્ર જરૂરી કામો માટે લોકોને અવર જવર કરવા માટેની મંજૂરી આપી રહી છે. દિલ્હીમાં સોમવારે લોકડાઉનના પહેલા દિવસે ઉલ્લંઘન કરવા પર ૧૦૧૨ લોકો પર કેસ નોંધવામાં આવ્યા છે. આ સાથે જ આંધ્રપ્રદેશ સરકારે કહ્યું છે કે વિદેશથી પાછા આવેલા લોકોની ઓળખ માટે મેડિકલની ટીમો લોકોની ઘરે ઘરે જઈને તપાસ કરશે.

ત્રણ રાજ્યો ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ અને ઓરિસ્સાએ તેના ઘણા શહેરોને લોકડાઉન કર્યા છે. દેશના ૫૭૭ જિલ્લા આ દાયરામાં આવે છે. સાથે જ મહારાષ્ટ્ર, પંજાબ, પુડુચેરી અને રાજસ્થાનમાં કર્ફ્યૂ લગાવવાની જાહેરાત કરવામાં આવી છે. મધ્યપ્રદેશના ભોપાલ અને જબલપુરમાં સોમવારે અડધી રાતથી કર્ફ્યૂ લાગુ કરી દેવાયો છે.

નવા ૨૨ કેસ નોંધાવાની સાથે જો એક્ટિવ કેસ (હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દી) ૪૪૬ છે. ૩૬ લોકો સાજા થઈ જતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ ૨૩ માર્ચે કહ્યું હતું કે આજે અડધી રાતથી પુરા રાજ્યમાં કરફ્યૂ લગાવવામાં આવશે કારણ કે કોરોના વાયરસ વિરૂદ્ધ મુકાબલો મહત્વના પડાવ પર પહોચી ગયો છે.

### કોરોના વાયરસના કહેર વચ્ચે સરકારે રાહતો આપી

# આઈટી રિટર્ન, આધાર-પાન લિન્ક કરવાની તારીખ લંબાવી ૩૦ જૂન કરી

*ન્યુ દિલ્હી,તા.૨૪*

નાણાં મંત્રી નિર્મલા સિતારમણે મંગળવારે કોરોના વાયરસને પગલે નાણાંકીય ક્ષેત્રે મહત્વના રાહત આપતા પગલાંની જાહેરાત કરી હતી. નાણાં મંત્રીએ જણાવ્યું કે ૨૦૧૮-૧૯ના આવકવેરા રિટર્ન ભરવાની અંતિમ તારીખ ૩૧ માર્ચ ૨૦૨૦ને બદલે ૩૦ જૂન ૨૦૨૦ કરવામાં આવી છે. કોરોના મહામારી વચ્ચે લોકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. લોકડાઉના કડક પાલનને લઈને સરકારે કેટલાક ઉદાર પગલાં લીધા છે. આધાર નંબર સાથે પાન નંબરને લિંક કરવાની અંતિમ તારીખ પણ વધારીને ૩૦ જૂન ૨૦૨૦ કરવામાં આવી હોવાનું નિર્મલા સિતારમણે જણાવ્યું હતું.

દરમિયન ટીડીએસના લેટ પેમેન્ટ પરનો વ્યાજક દર ૧૨ ટકાથી ઘટાડીને નવ ટકા કરાયો છે. કોરોના મહામારી પર કેન્દ્રની નજર રહેલી છે અને સરકાર વહેલી તકે રાહત પેકેજની પણ જાહેરાત કરશે.

કોરોના વાયરસએ વિશ્વભરમાં ભરડો લીધો છે અ ૪૯૨ દેશોમાં કોરોના વાયરસ ફેલાયો છે. મોટાભાગના દેશો લોકડાઉન કરી દેવામાં આવ્યા છે અને વૈશ્વિક સ્તરે ૧૪,૫૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યો છે. આ અંગે ભારત સરકાર ગંભીર છે અને જીએસટી રિટર્ન ભરવાની તારીખો અગાઉથી લંબાવી દીધી છે. નાણાં મંત્રીએ કંપનીઓને પણ તેમના કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી ફંડનો ઉપયોગ કોરોના સામે લડવામાં કરવા માટે મંજૂરી આપી છે.

બેક્કિંગ ક્ષેત્રમાં પણ કેટલીક જાહેરાત કરવામાં આવી છે. જેમાં ત્રણ મહિના સુધી કોઈપણ બેક્રમાં બચત ખાતા ધારકને મિનિમમ બેલેન્સ નહીં જાળવવા પર ફી ચુકવવી પડશે નહીં. આ ઉપરાંત કોઈપણ બેક્રના ડેબિટ કાર્ડ હોલ્ડર અન્ય બેક્રમાંથી ફ્રી રોકડ ઉપાડી શકેશ. વિવાદસે વિશ્વાસ સ્કીમ પણ ૩૦ જૂન સુધી લંબાવવામાં આવી છે.

નાણાં મંત્રીએ જીએસટી રિટર્ન ફાઈલ કરવાની તારીખ વધારીને ૩૦ જૂન ૨૦૨૦ કરી દીધી છે. સરકારે માર્ચ, એપ્રિલ મે મહિનાની જીએસટી રિટર્ન ફાઈલ કરવાની તારીખ વધારી છે. આ સાથે નાના વેપારીઓને રાહત આપવામાં આવી છે. ૫ કરોડ રુપિયા સુધીના ટર્નઓવરવાળા વેપારીઓ પાસે લેટ ફી લેવામાં આવશે નહીં. જોકે ૫ કરોડથી વધારે ટર્નઓવર પર ૯ ટકા લેટ ફી લેવામાં આવશે.સરકારે કોરોના વાયરસના કારણે કંપનીઓની બોર્ડ મિટિંગ પર મોટી રાહત આપી છે. નાણા વિભાગના રાજ્ય મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું હતું કે કંપનીઓને બોર્ડ મિટિંગ માટે ૬૦ દિવસની રાહત આપવામાં આવી છે. કોરાનાના કારણે કંપનીઓ બોર્ડ મિટિંગ કરી શકતી નથી.

# કોરોના અસર: ૨૬ માર્ચે યોજાનાર ૫૫ બેઠકોની રાજ્યસભા ચૂંટણી સ્થગિત



*ન્યુ દિલ્હી,તા.૨૪*

દેશભરમાં ૨૬ માર્ચે ૧૭ રાજ્યોની ૫૫ બેઠકો માટે યોજાનારી ચૂંટણી ઈલેક્શ કમીશને મોકૂફ રાખી છે. તો બીજી બાજુ ગુજરાતમાં આગામી ૨૬મી માર્ચે યોજાનાર રાજ્યસભાની ચૂંટણીને લઈને એક મહત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. ગુજરાતમાં કોરોના કહેર વચ્ચે રાજ્યસભાની ચૂંટણી મોકૂફ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણી મોકૂફ રાખવાનો નિર્ણય લેવાયો છે. કોરોના વાયરસને પગલે આ મોટો નિર્ણય લેવાયો છે.અત્રે ઉલ્લેખનીય છે કે, કોરોનાના કારણે ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણી મોકૂફ રખાઈ છે.

અગાઉ ગુજરાત સરકાર રાજ્યસભાની ચૂંટણીમાં મતદાનને હાલ પૂરતું મોકૂફ કરવા કેંદ્રીય ચુંટણી પંચને વિનંતી કરવામાં આવી હતી, જેના થકી આજે કેન્દ્રિય ચૂંટણી પંચે રાજ્યસભાની ચૂંટણી મોકૂફ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# વિશ્વના ૧૯૫ દેશો કોરોનાની ચપેટમાં: ૧૬થી વધુના મોત,સૌથી વધુ ઈટાલીમાં

*વોશિંગ્ટન/રોમ,તા.૨૪*

દુનિયાના દરેક ૧૯૫ દેશોમાં ઈન્ફેક્શન ફેલાઈ ગયું છે. તેના કારણે ૧૬,૫૧૦ લોકોના મોત થયા છે. ૩,૭,૮૪૨ લોકોને ઈન્ફેક્શન થયું છે.જયારે ૧ લાખ ૨ હજાર દર્દીઓ સાજા પણ થયા છે.ચીનના સૌથી વધુ પ્રભાવિત શહેર વુહાનમાં છ દિવસમાં એક નવો કેસ સામે આવ્યો છે. પાંચ દિવસ સુધી અહી નવો કોઈ કેસ સામે આવ્યો નથી. જોકે સોમવારે અહીં સાત લોકોના મોત થયા છે. જયારે ઈટાલીમાં સોમવારે ૬૦૧ લોકોના મોત થયા છે. ઈટાલી યુરોપનું સૌથી પ્રભાવિત દેશ છે.

વિશ્વ સ્વાસ્થય સંગઠનના પ્રમુખ ટેડ્રોસ ગેબ્રિયિસોસે કહ્યું છે કે, કોરોના વાઈરસની મહામારી ઝડપથી વધી રહી છે. તે ઝડપથી ફેલાઈ રહ્યો છે. એક લાખ સુધી કેસ પહોંચવામાં પહેલાં ૬૭ દિવસનો સમય લાગ્યો હતો પરતું બે લાખ નવા કેસ થવામાં ૧૧ દિવસ અને ૨થી ૩ લાખ થવામાં માત્ર ૪ દિવસનો સમય લાગ્યો છે.

ઈટાલીના નાગરિક સુરક્ષા વિભાગના પ્રમુખ એંજેલો બોરેલીએ જણાવ્યું છે કે, એક દિવસમાં ઈન્ફેક્શનના ૩૭૮૦ નવા કેસ નોંધાયા છે. ઈટાલીના લોંબાર્ડીમાં કોરોનાનો સૌથી વધારે પ્રભાવ જોવા મળ્યો છે.ઈટાલી સંપૂર્ણ રીતે લોકડાઉન છે. દેશના અંદાજે ૬ કરો લોકો તેમના ઘરમાં કેદ છે.

અમેરિકામાં કોરોના વાયરસના કારણે એક જ દિવસમાં ૧૩૯ લોકોના મોત બાદ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જરૂરી તબીબી પુરવઠો અને વ્યક્તિગત રક્ષણાત્મક ઉપકરણો સંગ્રહિત કરવાનો આદેશ આપ્યો છે. દેશમાં આ પહેલીવાર છે જ્યારે એક દિવસમાં આટલી મોટી સંખ્યામાં લોકોના મોત થયા છે. જયારે અત્યાર સુધીમાં ૫૫૭ લોકોના મોત થયા છે અને ૪૩૮૪૭ કેસ પોઝિટિવ છે. ન્યૂયોર્ક શહેરમાં સૌથી વધારે ૯૯ લોકોના મોત થયા છે. ત્યાર પછી કિંગ્સ કાઉંટીમાં ૭૫ લોકોએ જીવ ગુમાવ્યો છે.દ્વબ્રિટનમાં કોરોના વાઈરસથી મરનાર લોકોની સંખ્યા ૩૩૫ થઈ ગઈ છે. બ્રિટનના સ્વાસ્થ્ય વિભાગે જણાવ્યું હતું કે છેલ્લા ૨૪ કલાકમાં ૯૬૭ નવા કેસ નોંધાયા છે. અહીં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૬૬૫૦ થઈ ગઈ છે. બ્રિટનમાં અત્યાર સુધીમાં ૮૩૯૪૫ લોકોનો ટેસ્ટ કરાવવામાં આવ્યો છે. જેમાં ૭૭૨૯૫ લોકોનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે.

# શેરબજારમાં તેજી: સેન્સેક્સ ૬૯૩ અંક વધી ૨૬,૬૭૪ની સપાટીએ

*મુંબઈ,તા.૨૪*

શેરબજાર મંગળવારે ૧૪૧૪ અંકના વધારા સાથે ખુલ્યું હતું. સેન્સેક્સ ૫.૫૮ ટકા કે ૧૪૫૦.૭૧ અંક અને નિફ્ટી ૪.૯૧ ટકા કે ૩૭૩.૩૫ અંક વધી ખુલ્યો હતો. શરૂઆતની ૪૫ મિનિટ બાદ બજારમાં થોડો વધારો-ઘટાડો શરૂ થઈ ગયો હતો. ૩૫ મિનિટ બાદ બજાર ફરીથી ઉપર વધવા લાગ્યું હતું, જે બજાર બંધ થવા સુધી ચાલ્યું. સેન્સેક્સે ૬૯૨.૭૯ અંક કે ૨.૬૭ ટકાના વધારાની સાથે ૨૬૬૭૪.૦૩ પર અને નિફ્ટીએ ૧૯૦.૮૦ અંક કે ૨.૫૧ ટકાના વધારાની સાથે ૭૮૦૧.૦૫ પર કારોબાર ખત્મ કર્યો હતો. આ પહેલા સોમવારે કારોબારના અંતમાં સેન્સેક્સ ૩૯૩૪.૭૨ અંક ઘટીને ૨૫૯૮૧.૨૪ પર અને નિફ્ટી ૧૧૩૫.૨૦ અંક ઘટીને ૭,૬૧૦.૨૫ પર બંધ થયા હતા. આ સેન્સેક્સના ઈતિહાસનો સૌથી મોટો ઘટાડો છે. ડોલરની સરખામણીએ રૂપિયો મંગળવારે ૭૬.૧૪ પર ખુલ્યો અને ૭૬.૦૯ સુધી મજબુત થયો. સોમવારે ૭૬.૨૯ના રેકોર્ડ નીચલા સ્તર પર બંધ થયો હતો. જ્યારે એશિયાઈ બજારોમાં મજબૂતાઈ આવવાથી ભારતીય બજારોને સારા સંકેત મળ્યા. અમેરિકાની ફેડરલ રિઝર્વ બેક્કે ત્યાંના બજારમાં કેશ વધારવાના ઉપાય કર્યા છે. તેના પગલે એશિયાઈ બજારોમાં તેજી આવી છે.શુક્રવારે ઘટાડા સાથે બંધ થયેલા અમેરિકાના બજારો સોમવારે પણ ઘટાડા સાથે બંધ થયા હતા. ડાઉ જોન્સ ૩.૦૪ ટકા કે ૫૮૨.૦૫ અંક ઘટીને ૧૮૫૯૧.૯૦ પર બંધ થયા હતા.

# તંત્રી સ્થાનેથી...

## નિયમોનું પાલન કરો

રાજ્ય સરકાર અને અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન કોરોનાની મહામારીના વ્યાપને વધતો રોકવા તમામ પ્રયાસો કરી રહ્યાં છે, પણ લોકો જરૂરી શિસ્ત પાળતા ન હોવાથી તેમની કામગીરી પર ઘણી વખત પાણી ફરી વળે છે.રવિવારના રોજ અભૂતપૂર્વ જનતા કરફ્યુ બાદ લોકોએ શેરીઓમાં રેલીઓ કાઢી, ગરબા રમીને દિવસભરની મહેનત ધૂળધાણી કરી નાખી હતી, આ કોઈ ઉત્સવ નથી, આપદા છે, તે બાબત અતિઉત્સાહી લોકો ભૂલી જાય છે.કોરોના અંગે અત્યારે જ જો પુરતી કાળજી નહીં લેવાય તો આવતીકાલે ઘણું મોડું થઈ જશે, તેવી ચેતવણી કડક રીતે આ ક્ષેત્રના નિષ્ણાતો ઉચ્ચારી રહ્યાં છે. લોકડાઉન જાહેર કર્યા બાદ પણ લોકો ટોળટપ્પાં કરવા અને ખૂણેખાંચરે પાનના ગલ્લાં ખુલ્લા હોય તો પડિકીઓ શોધવા નીકળી પડે છે.આજે સવારના ગાળામાં લોકો રોડ પર વધુ સંખ્યામાં દેખાતા પોલીસતંત્ર એવા નિષ્કર્ષ પર આવ્યું હતું કે, હવે કડકાઈ બતાવવી પડશે. જેની અસર એ થઈ હતી કે, બપોર બાદ મોટા ભાગના રોડ ખાલી થઈ ગયા હતાં. તમે બહાર જઈને કોરોનાના વાયરસને સાથે લઈને ના આવો તો તે ધરાર તમારા ઘરમાં ઘુસવાનો નથી.આ સીધી સાદી વાત પણ લોકો સમજવા તૈયાર નથી. જો ૧૦૦ ટકા શિસ્ત પળાય તો જ તેનું પરિણામ આવવાનું છે, ૧ ટકો બેદરકારી પણ કોરોનાને ઘરમાં ઘુસવાની જગ્યા કરી આપશે.અશિક્ષિત અને ગરીબ લોકો સમજી ન શકે તે બાબત સમજી શકાય તેવી છે, પણ ભણેલાગણેલા, ધનિક લોકો, સમૃધ્ધ વિસ્તારમાં રહેતા અને વિદેશ સાથે સંપર્ક ધરાવતા કેટલાંક નાગરિકો પણ આ બાબત સમજવા તૈયાર નથી, હોમ-ક્વોરેન્ટાઈનમાંથી બહાર ખરીદી કરવા કે અન્ય કામે નીકળી જાય છે અને તંત્રને તેમની સામે પોલીસ કાર્યવાહી કરવાની ફરજ પડે છે. વિદેશથી આવેલાઓ પાર્ટીઓ કરે છે, ત્યારે આશ્ચર્ય થાય છે. વિદેશના કડક શિસ્તની ગર્વભેર દુહાઈ દેનારાઓ અહીં શિસ્તની ઐસીતૈસી કરે છે.તંત્રના અધિકારીઓ પાસે લોકોને બહુ મોટી આશા છે. ડોક્ટર્સ, પેરા મેડિકલ સ્ટાફ, પોલીસ અને મીડિયા ખડેપગે તેમની ફરજ બજાવી રહ્યાં છે, ત્યારે જો લોકો તેમાં સ્વયંશિસ્ત પાળીને સહયોગ નહીં આપે તો, રોગચાળાનો ભરડો ભયાનક પુરવાર થશે તે કડવું સત્ય સૌએ સ્વીકારવું જોઈએ. તેમ પણ આ ક્ષેત્રના નિષ્ણાતો ઉમેરે છે.આ એવો સમય છે જ્યારે નાગરિક તરીકેની ફરજ બજાવીને આપણે સૌથી મોટી દેશસેવા કરી શકીએ છીએ કારણકે આ વખતે આપણી સામે જે દુશ્મન છે જે આપણને દેખાતો નથી પણ તેની માર એવી છે કે તે જીવલેણ બની જાય છે તેવામાં લોકોએ સ્વંય શિસ્ત દાખવીને તંત્ર દ્વારા જે સુચન કરાયા છે તેનું પાલન કરવું જ રહ્યું અન્યથા તમારા પર તો જોખમ છે જ પણ તમારી સાથે તમે તમારા પરિવાર જ નહી જ્યાં રહો છો તે આખા વિસ્તાર માટે જોખમરૂપ બની શકો છો.તેવામાં કોઈપણ પ્રકારનાં સાહસો કરવાની જરૂર નથી અને કારણ વિનાનાં કોઈ દેખાડા કરવાની જરૂર નથી આમ તો આપણે એમ જ કહેતા હોઈએ છીએ કે યાર અમારી પાસે તો સમય જ નથી આજે સમય છે ત્યારે તેનો સદઉપયોગ કરો તમારા પરિવારને સંતાનોને સમય આપો તેમને હિમ્મત આપો અને તેમના માટે એક આદર્શ બનો જેથી તે તેમનાં જીવનમાં તમારી પાસેથી જ શીખ લઈને આગળ વધવાનું કામ કરી શકે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૨૫/૦૩/૨૦૨૦, બુધવાર, ચૈત્ર સુદ-૧
સૂર્યોદય-૬-૪૮, સૂર્યાસ્ત-૬-૫૭, જૈન નવકારશી-૭-૫૪,
આજની રાશિ : મીન (દ.ચ.ઝ.થ.), નક્ષત્રઃ રેવતી

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૬-૪૭થી લાભ-અમૃત-૯-૫૦ સુધી, ૧૧-૨૨ થી શુભ-૧૨-૫૩ સુધી, ૧૫-૫૬ થી ચલ-લાભ-૧૮-૫૯ સુધી, ૨૦-૨૮ થી શુભ-અમૃત-ચલ-૦-૫૭ સુધી

- શુભ હોરા-
૬-૪૭ થી ૮-૪૯ સુધી, ૯-૫૦ થી ૧૦-૫૧ સુધી, ૧૨-૫૩ થી ૧૫-૫૬ સુધી, ૧૬-૫૭ થી ૧૭-૫૮ સુધી

## દૈનિક રાશીફળ

તા.૨૫-૦૩-૨૦૨૦ બુધવાર

**મેષ (અ.લ.ઈ.) :-** વારસાગત મિલકતના પ્રશ્નો ઉકેલાય. કુટુંબ સુક જળવાઈ રહે. માનસિક ચિંતા હળવી.

**વૃષભ (બ.વ.ઉ.) :-** સત્તાકીય બાબતોમાં સંભાળવું વડીલોનું માર્ગદર્શન મળી રહે. માનસિક ચિંતા હલવી બને.

**મિથુન (ક.છ.ઘ.) :-** જમીન - મકાન વાહનયોગ, આવકનું પ્રમાણ જળવાઈ રહે. ધંધાકીય શુભ સમય રહે.

**કર્ક (ડ.હ.) :-** જમીન, વાહન, મકાનના યોગ બને. નાણાંકીય સ્થિતિ મજબૂત બને. આરોગ્ય સુખાકારી સારી રહે.

**સિંહ (મ.ટ.) :-** પરદેશ સંબંધી શુભ સમાચાર મળે. સંતાનસુખ ઉત્તમ. વિવાદો સંબંધી પ્રશ્નો હલ થાય. વારસાગત મિલકતના પ્રશ્નો હલ થાય.

**કન્યા (પ.ઠ.ણ.) :-** નોકરીમાં બદલી-બઢતીની શક્યતા રહે. સમય સુભ ફળદાયી બને. અભ્યાસમાં પ્રગતિ.

**તુલા (ર.ત.) :-** પરદેશથી સુભ સમાચાર મળે. આવકનું પ્રમાણ જળવાઈ રહે. આકસ્મિક ધન લાભ થાય.

**વૃશ્ચિક (ન.ય.) :-** કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા મળે. વારસાગત મિલકતની પ્રાપ્તિ થાય. મિત્રોના સહકાર મળી રહે.

**ધન (ભ.ધ.ફ.ઢ.):-** ઇષ્ટદેવની ઉપાસનાથી રાહત થાય. ધાર્મિક પ્રવાસ થાય. કુટુંબસુખ મળે. પરદેશથી શુભ સમાચાર મળે.

**મકર (ખ.જ.) :-** રાજકીય ક્ષેત્રે જવાબદારીમાં વધારો થાય. વેપાર અર્થે થયેલો પ્રવાસ ફળદાયી નિવડે.

**કુંભ (ગ.શ.સ.) :-** નોકરિયાતને ઉપરી અધિકારીનું માર્ગદર્શન મળી રહે. આરોગ્યની સારસંભાળ રાખવી.

**મીન (દ.ચ.ઝ.) :-** બુદ્ધિ-વિવેકથી કાર્યસિદ્ધ થાય. વેપાર અર્થે થયેલો પ્રવાસ ફળદાયી બને. શેરબજારમાં લાભ થાય.

# कोरोना वायरस के बाद हंता वायरस से मौत का मामला सामने आया

कोरोना वायरस के बाद हंता वायरस से मौत का मामला सामने आया है। रिपोर्ट्स के अनुसार, इस नए वायरस की वजह से चीन में एक श2स की मौत हो गई है। सोशल मीडिया पर भी लोग इस वायरस के बारे में खूब सर्च कर रहे हैं।

बता दें कि पूरी दुनिया में कोरोना वायरस के प्रकोप के कारण पहले से ही हड़कंप मचा हुआ है। ऐसे में खबर आ रही है कि चीन के यूनान प्रांत में एक श2स को सोमवार को हंता वायरस से संक्रमित होने के बाद मौत हो गई।

बताया जा रहा है कि पीड़ित श2स काम करने के लिए बस शाडोंग प्रांत जा रहा था। बस में उसके साथ सवार अन्य ३२ लोगों की भी जांच की गई है। चीन के सरकारी अखबार ग्लोबर टाइ6स के हवाले से दी गई रिपोर्ट में कहा गया है कि इस घटना की जानकारी देने के बाद सोशल मीडिया पर बवाल मच गया है।

नए वायरस के डर से लोग इसके भी महामारी बनने से पहले रोकथाम के प्रयासों की बात कह रहे हैं। कई यूजर्स का कहना है कि यदि लोग चीन में जानवरों को खाना बंद नहीं करेंगे तो ऐसे वायरस हमेशा इंसानी जान के लिए खतरा बनते रहेंगे।

हंता वायरस आखिर है 1या

कोरोना वायरस की तरह हंता वायरस घातक नहीं है। विशेषज्ञों का मानना है कि यह कोरोना की तरह हवा यानि सांस के जरिए नहीं फैलता है। इसके साथ ही यह चूहे या फिर गिलहरी के संपर्क में आने वाले इंसान को संक्रमित करता है। सेंटर फॉर डिजिज कंट्रोल एंड प्रिवेंशन के मुताबिक चूहों के कारण हंता वायरस के संक्रमण का खतरा रहता है। अगर कोई स्वस्थ्य व्यक्ति भी हंता वायरस के संपर्क में आता है तो उसके भी संक्रमित होने का खतरा रहता है।

हालांकि हंता वायरस एक श2स से दूसरे में नहीं जाता, लेकिन यदि कोई व्यक्ति चूहों के मल, पेशाब आदि को छूने के बाद अपनी आंख, नाक और मुंह को छूता है तो उसके इस वायरस से संक्रमित होने का खतरा रहता है।

इससे संक्रमित श2स को बुखार, सिर दर्द, शरीर में दर्द, पेट में दर्द, उल्टी, डायरिया हो सकता है। इस तरह के लक्षण वाले संक्रमित श2स के इलाज में देरी होने पर फेफड़ों में पानी भर जाता है, जिससे उसे सांस लेने में परेशानी होने लगती है।

1या वाकई जानलेवा है हंता वायरस ?

हंता वायरस जानलेवा है। सीडीसी के मुताबिक इससे संक्रमित ३८ फीसदी मरीजों की मौत हो जाती है। चीन में हंता वायरस का यह मामला ऐसे समय सामने आया है जब पहले से ही पूरी दुनिया में कोरोना वायरस अपना प्रकोप दिखा रहा है।कोरोना को संयुक्त राष्ट्र पहले ही वैश्विक महामारी घोषित कर चुका है। कोरोना वायरस से अब तक दुनियाभर में १६ हजार से ज्यादा लोगों की मौत हो चुकी है। पूरी दुनिया में ३ लाख ८२ हजार से ज्यादा लोग इससे संक्रमित हुए हैं। कोरोना वायरस १९६ देशों में फैल चुका है।

# कोरोना को भाषणों और तुगलकी फैसले के दम पर रोकना चाहती है सरकारः दीपा शर्मा

कुरूक्षेत्र, २४ मार्च। कांग्रेस नेत्री दीपा शर्मा ने कहा है कि सरकार कोरोना को यदि मात्र भाषणों और तुगलकी फैसले के दम पर रोकना चाहती है तो उसे कामयाबी नहीं मिलेगी द्य 1योंकि सरकार के पास मैं तो कोई सार्थक और व्यावहारिक कार्यक्रम और योजना है और ना ही इच्छा शक्ति। उन्होंने कहा कि जिसके दम पर इन विपरीत परिस्थितियों से लड़ा जा सकता है ,कोरोना के कहर से लोहा लिया जा सकता है वह है योजना और साधन और इससे भी पहले इच्छाशक्ति।

उन्होंने कहा कि प्रधानमंत्री ने जनता क3र्यू ताली और ताली बजाने की बात तो की और लोगों ने उसका अनुसरण भी किया, परंतु 1या उन्होंने किसी तरह के आर्थिक पैकेज की घोषणा की ?1या सरकार की तैयारियों के बारे में बताया ?

उन्होंने कहा कि वे भी मानती हैं कि इन हालातों में लॉक डाउन के अलावा कोई और सार्थक विकल्प नहीं है परंतु जिन लोगों के पास साधन नहीं है 1या सरकार और प्रशासन की ओर से इस बारे में कोई तैयारी की है।

उन्होंने बताया कि लोक डाउन से व्यापारी दुकान का किराया कहाँ से निकालेगा, व्यापारी बैंक को देने वाली किश्तें कहाँ से निकालेगा, व्यापारी कर्मचारियों की तनखवाह कैसे निकालेगी, व्यापारी का व्यापारिक लेन देन लगभग बंद हो चुका है वह ऐसे में पिछली पेमेंट और अगला तैयार किया माल कहां निकालेगा, कुछ व्यापारियों का कच्चा माल लगभग एक महीने में खराब हो चुका होगा इसकी भरपाई कैसे करेगा, स्कूलों में बच्चों की फीस, ड्रेस, किताबें सब खर्च अप्रैल में हैं आम आदमी कहां से निकालेगा, वाहन का लोन की किश्त कहां से देगा, घर की किश्त है तो कहां से देगा, बिजली का बिल कहां से भरेगा, व्यापारी जीएसटी की रिटर्न कहाँ से भरेगा, जिनके पास १ दिन का राशन नहीं है उनका जीवन और परिवार कैसे चलेगा। 1या सरकार ने इन सभी समस्याओं से निपटने के लिए कोई व्यस्था की है।

उन्होंने कहा कि सरकार और प्रशासन को अग्रणी संस्थाओं सामाजिक संस्थाओं समाजसेवियों, उद्यमियों, धार्मिक संगठनों के लोगों को जन सेवा के लिए प्रेरित करना चाहिए। उनसे मदद मदद मांगनी चाहिए एक प्रोग्राम बना कर यह सुनिश्चित करना चाहिए कि घर में रहते किसी को कोई दिक्कत भी ना हो और संकट भी टल जाए। उन्होंने कहा कि जिस तरह से पंजाब सरकार में मु2यमंत्री कैप्टन अमरिंदर सिंह में सभी गरीब लोग जो जन धन योजना मैं आते हैं उनके खातों में तीन तीन हजार रुपए जमा कराए हैं। हरियाणा सरकार को भी इसी तरह की व्यवस्था करनी चाहिए और इसे उस समय तक जारी रखना चाहिए जब तक संकट समाप्त नहीं हो जाता।

### ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં

# આરોગ્ય વિભાગના જાહેરનામાના ભંગ બદલ ધી એપેડેમીક ડીસીઝ એક્ટ ૧૮૯૭ મુજબ ચાર વ્યક્તિઓ સામે ફરિયાદ નોંધાઇ

ગાંધીનગરઃ મંગળવાર

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં રહેતા ચાર વ્યક્તિઓ સામે ગુજરાત સરકારના હેલ્થ અને ફેમીલી વેલ્ફેર ડિપાર્ટમેન્ટ સચિવાલયના ગાંધીનગરના નોટીફીકેશનનો ભંગ કરવા માટે ગાંધીનગર મહાનગરપાલિકાના મેડિકલ ઓફિસર ઓફ હેલ્થના ડૉ. શ્રી કલ્પેશપુરી ઈશ્વરપુરી ગોસ્વામીએ સેકટર-૨૧ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

આ અંગેની વિગતો એવી છે કે, ગાંધીનગરના સેકટર-૨૯ના પ્લોટ નંબર- ૧૬૬/૧ માં રહેતા શ્રી ઉમંગ જશુભાઇ પટેલને કોરોના ટેસ્ટ પોઝિટીવ આવ્યો હતો. આ અંગેની જાણ અમદાવાદ સિવીલ હોસ્પિટલ દ્વારા ગાંધીનગર હેલ્થ વિભાગને કરી હતી. જેની જાણ ગાંધીનગર મહાનગરપાલિકાના મેડિકલ ઓફિસર ઓફ હેલ્થને થતાં તેમની ટીમ અમદાવાદ સિવલી હોસ્પિટલ જઇને તપાસ કરી હતી. જેમાં ટીમને માલૂમ પડયું હતું કે, ઉમંગભાઇ અને તેમના પત્ની પીનલબેન સાથે દુબઇ ગયા હતા. તા. ૧૭મી માર્ચના રોજ દુબઇથી પરત આવ્યા હતા. જાહેરનામા મુજબ આ અંગેની જાણ તેઓએ આરોગ્ય વિભાગને કરી ન હતી. તેમજ દુબઇથી પરત આવ્યા બાદ કોરોન્ટાઇલનું પણ પાલન કર્યું ન હતું ઉમંગભાઇ અને પીનલબેન તેમના ભાભી પુજાબેન તીર્થભાઇ પટેલ તથા સેકટર-૨૩માં પ્લોટ નંબર- ૪૮૪/૪, વિરાટનગર, સેકટર-૨૩માં રહેતા તેમના ફુઆ અશોકભાઇ પટેલને મળ્યા હતા. દુબઇથી આવેલા વ્યક્તિઓને મળેલ હોવા છતાં પૂજાબેન અને અશોકભાઇ પટેલે પણ જાહેરનામાનું પાલન ન કરી અન્ય વ્યક્તિઓને મળેલાની હકીકત બહાર આવી હતી. ઉમંગભાઇને મળ્યાબાદ અશોકભાઇએ વેડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પોતાની

# કોરોના સામે લડત આપવાનો એક જ રસ્તો છે લોકો થી અંતર

તમારા સગા વ્હાલા કે ભાઈબંધ દોસ્તારો ક્યાંય ભાગી જવાના નથી, ઘરમાં ચાર દીવાલ વચ્ચે પડયા રહો, પાડોશી નાં ઘરમાં ડોકિયું કરવાનું બંધ કરો. સોસાયટી માં ટોળે વળી ચર્ચાઓ કરવાનું બંધ કરો. જો હજુ પણ નહિ સમજો તો ધંધે લાગી જશો. વડાપ્રધાન પોતાના લેવલે થી રાષ્ટ્ર જોગ સંબોધન કઈ ટાઈમ પાસ કરવા માટે નથી કરી રહ્યા, હવે તો આની ગંભીરતા સમજો. તમારી પાસે પર્યાપ્ત હોસ્પિટલો નથી કે નથી વિશ્વ કક્ષાની આરોગ્ય સેવાઓ.. એકવાર આ ચેઈન ચાલુ થઈ ગઈ તો કોઈ ભાળ કાઢવા વાળું નહી રહે. આટલી અક્કલ વગરની પ્રજા બીજે ક્યાંય નહી હોય. અમારે સોસાયટી માંથી ખુરશીઓ લઈ લેવી પડી તો પણ ભેગા થઈને ઉભા ઉભા વાતો કરે છે, કોઈ સમજવા જ તૈયાર નથી. જ્યાં સુધી પોતાના માથા સુધી પાણી ન આવે ત્યાં સુધી આ પ્રજાને કોઈ વાત ની અસર થતી નથી. આને અક્કલ ની ઓથમિર પ્રજા ને એ ભાન નથી કે તે ટોળે વળીને કેવી ભયંકર આફત નોતરી રહી છે. ડોસીઓ એક અઠવાડિયું સત્સંગ નહી કરે તો ભગવાન ભાગી નહી જાય એટલું પણ ભાન નથી. આ દેશમાં જ્ઞાની હોવું એ મોટું દુઃખનું કારણ છે કારણકે દેખી ને દાઝવું પડે છે. માવા અને પાન ના બંધાણીઓ ચારેકોર બે કટકા સોપારી માટે ભેગા થઈને મહામારી ને આમંત્રણ આપી રહ્યા છે. પ્લીઝ હવે સમજો તો સારું છે...

### બનાસકાંઠા કલેકટર સાહેબ ને નિસ્વાર્થ સેવા સંગઠન દ્વારા

# લોકહિત કાર્યમાં ભાગીદારી રૂપે મદદ અર્થે તૈયાર રહેવા અરજી આપવામાં આવી



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

નિસ્વાર્થ સેવા સંગઠનના પ્રમુખ નીતીનભાઇ ઠાકોરે જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં કોરોના જેવી વૈશ્વિક મહામારી ના કારણે વિશ્વ ગંભીર હાલતમાં છે તેમાં ગુજરાત રાજયના બનાસકાંઠા જિલ્લાના કલેકટર શ્રી સંદીપ સાંગલે ના માર્ગદર્શન હેઠળ ખૂબ જ સારી રીતે કામ થઈ રહ્યું છે અને વહિવટી વિભાગ આરોગ્ય વિભાગ પોલીસ વિભાગ સુંદર કામગીરી કરી રહી છે આવી પરિસ્થિતિમાં લોકભાગીદારી જરૂરી છે તો નિસ્વાર્થ સેવા સંગઠન પાલનપુર બનાસકાંઠા ની ટીમ બનાસકાંઠા કલેકટર શ્રી સંદીપ સાંગલે ને અરજી આપી કોરોના જેવા વાયરસ રોગ સામે પ્રજાહિતમાં ખડેપગે તૈયાર હોવાની તત્પરતા બતાવી બનાસકાંઠાવાસીઓ માટે નિસ્વાર્થ સેવા સંગઠનના પ્રમુખ શ્રી નીતિનભાઈ ઠાકોર ડૉ.સુરેન્દ્રભાઈગુપ્તા ભરતભાઈવ્યાસ અને ટીમ બનાસકાંઠા ના લોકોની ચિંતા કરી વહીવટી તંત્રાને અરજી આપી લોકહિત ની ભાગીદારી કરી વ્યવસ્થાનાં ભાગરૂપે હંમેશા પાલનપુર અને બનાસકાંઠાની જનતા સાથે તત્પર રહેશે

### નોવેલ કોરાના વાયરસ અંતર્ગત તા. ૩૧મી માર્ચ, ૨૦૨૦ સુધી

# ગાંધીનગર જિલ્લામાં ખેડૂતો પાસેથી તુવેર અને ઘઉંની ટેકાના ભાવે ખરીદી બંધ રેહશે.

ગાંધીનગરઃ મંગળવાર

નોવેલ કોરાના વાયરસનો ફેલાવો સંક્રમણ ને નિયંત્રણમાં રાખવા માટે ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સુચારું આયોજન કરીને સતત પ્રયત્નશીલ છે. કોરોના વાયરસને ફેલાતો અટકાવવાના ઉમદા આશયથી ગાંધીનગર જિલલામાં ઘઉં અને તુવેરદાળની ખરીદી તથા રજિસ્ટ્રેશન મુલતવી રાખવામાં આવ્યું છે. તેમજ ગાંધીનગર જિલ્લાની તમામ કોર્ટની કામગીરી સ્થગિત કરી દેવામાં આવી છે. ગાંધીનગર જિલ્લા પુરવઠાની કચેરીના અધિકારીશ્રીએ જણાવ્યું છે કે, ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમના જનરલ મેનેજરની સૂચના અનુસાર ગાંધીનગર જિલ્લાના ખેડૂતો પાસેથી તુવેરદાળની ખરીદી તથા ઘઉંની રજિસ્ટ્રેશન અને ખરીદીની કામગીરી ચાલું હતી. પરંતુ કોરોના વાયરસની વ્યાપક અસરને ધ્યાને લઇ આગામી તા. ૩૧મી માર્ચ,૨૦૨૦ સુધીમાં આ ખરીદી અને રજિસ્ટ્રેશનની કાર્યવાહી બંધ કરવામાં આવી છે. ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવ શ્રી પી.એસ.રાઠૌડે જણાવ્યું છે કે, ગુજરાત હાઇ કોર્ટના આદેશનુસાર તા. ૩૧મી માર્ચ, ૨૦૨૦ સુધીમાં ગાંધીનગરજિલ્લામાં આવેલી તમામ અદાલતોમાં અર્જન્ટ જામીનઅરજીઓ, રિમાન્ડ તેમજ વચ્ચગાળાની રાહતોની અરજીઓ સિવાયની મેટર્સ ચલાવવામાં આવશે નહિ. તેમજ એ સિવાયનાં તમામ કેસોમાં ટ્રાયલ ત્રાણ અઠવાડિયા માટે મોકૂફ રાખવામાં આવ્યા છે. જેથી પક્ષકારોની નામદાર કોર્ટમાં હાજર રહેવામાંથી મુક્તિ અપાવામાં આવી છે. તેમજ તેમની ગેરહાજરી વિરૂધ્ધ કોઇ આકરા પગલાં કે નોંધ લેવાશે નહિ. મુખ્ય જિલ્લા ન્યાયાધીશ, ગાંધીનગર શ્રી મેહુલ એમ. ગાંધીએ જણાવ્યું છે કે, કોરોના વાયરસની ગંભીરતાને ધ્યાનમાં લઇ કોર્ટ પરિસરમાં જરૂરી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. તેમજ થર્મલ ટેમ્પરેચર ગનથી ચેકીંગ થયા બાદ સેનેટાઇઝર લગાવ્યા પછી જરૂરી હોય તેવા જ પક્ષકારોએ જરૂર હોયતો જ અદાલતોમાં હાજર રહેવું જેલમાં રહેલાં કેદીઓ સાથે અદાલતોમાં વિડીયો કોન્ફરન્સથી કામગીરી કરવાનો પણ આદેશ આપવામાં આવ્યો છે. તમામ બાર એસોશિએશનના હોદ્દેદારો તેમજ સભ્યોની વિનંતી કરવામાં આવી છે કે વકીલશ્રીઓએ તેઓના પક્ષકારોને બિનજરૂરી હાજર રાખવા નહિ અને કોર્ટ પરિસરમાં મુલાકાત ટાળવી. કોરોના વાયરસના સંલગ્ન ગાંધીનગર જિલ્લામાં જૂથ યોજના થકી નર્મદાનું પાણી મેળવતા તમામ ગામો અને શહેરોને સુપર કલોરિનેશન વાળું પાણી આપવાનો આદેશ પાણી પુરવઠા બોર્ડના ચેરમેન શ્રી ધનંજય દ્રિવેદીએ ટીવટ્ કરીને આપ્યો છે. જે અનુસંધાને ગાંધીનગર જિલ્લાની કચેરીઓ દ્વારા સુચારું આયોજન કરવામં આવ્યું છે.

### ગાંધીનગર જિલ્લાની આવશ્યક અને તાત્કાલિક સેવા સાથે સંકાળાયેલ કચેરીઓ સિવાયની

# તમામ કચેરીઓ તા. ૩૧મી માર્ચ સુધી બંધ રાખવા ગાંધીનગર કલકેટરશ્રીનો આદેશ

ગાંધીનગરઃ મંગળવાર

નોવેલ કોરોના વાઇરસનું સક્રમંણ નિયંત્રણમાં રાખવાના ઉમદા આશયથી ગાંધીનગર જિલ્લાની આવશ્યક અને તાત્કાલિ સેવાઓ સાથે સંકાળયેલ કચેરીઓ સિવાયની અન્ય કચેરીઓના અધિકારીઓ અને કર્મચારીઓને કચેરીમાં તા. ૩૧મી માર્ચ, ૨૦૨૦ સુધી ફરજ પર હાજર ન રહેવા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ જણાવ્યું છે. પરંતુ ઉપરોક્ત કચરેીઓના અધિકારી કે કર્મચારીને તેમની વડી કચેરી કે જિલ્લાના સક્ષમ અધિકારી દ્વારા સૂચના મળે તો તેમણે ફરજ પર તાત્કાલિક ઉપસ્થિત રહેવાનું પણ કલેકટરશ્રીએ જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ જણાવ્યું છે કે, ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૪મી માર્ચ,૨૦૨૦ના પરિપત્ર અનુસધાને નોવેલ કોરોના વાઇરસના સંક્રમણને નિયંત્રણમાં લાવવા માટે ગાંધીનગર જિલ્લાની કચેરીઓ માટે આ નિર્ણય કરવામાં આવ્યો છે. નોવેલ કોરાના વાઇરસના ચેપને નિયંત્રણમાં કરવાની સીધી કામગીરી સાથે જિલ્લા આરોગ્ય તંત્ર, સિવીલ હોસ્પિટલસંકાળયેલ છે. તેમજ જિલ્લા પુરવઠા અધિકારીની કચેરી, કલેકટર કચેરી, ડિઝાસ્ટર મેનેજમેન્ટ કચેરી, પંચાયત, નગરપાલિકાઓ , મહાનગરપાલીકાઓ, ગેસ, વીજ વિતરણ કરતી કંપની, પાણી પુરવઠા સંલગ્ન કચેરીઓ, પોલીસ તંત્ર વગેરે જેવી કચેરીઓની સેવા આવશ્યક અને તાત્કાલિક સેવા સાથે સંકાળાયેલ હોય ચાલું રહેશે. તે ઉપરાંત અન્ય કચેરીઓના વડાઓએ અને કર્મચારીઓને કોરોના વાયરસનું સંક્રમણ નિયત્રિત કરવાનું હોવાના કારણે કચેરીઓ તા. ૩૧મી માર્ચ, ૨૦૨૦ સુધી બંધ રાખવાની રેહશે. કલેકટરશ્રીએ વધુમાં જણાવ્યું છે કે, જે કચેરીનો વડા કે કર્મચારીને તેમની ઉપલી કચેરી કે જિલ્લાના સક્ષમ અધિકારી દ્વારા કોઇ સૂચના મળે તો તાત્કાલિક ફરજ પર ઉપસ્થિત રહેવાનું રેહશે. આ સમય દરમ્યાન તેઓ પોતાની અગત્યની અને કામગીરી મોબાઇલ, ટેલિફોન કે ઈમેલ જેવી ઈલેક્ટ્રોનિક માધ્યમથી કરી શકશે.

# આજથી તમામ બેંકો સવારે ૧૦-૦૦ થી ૨-૦૦ વાગ્યા સુધીજ ખુલ્લી રહેશે

વલસાડ : અજીત પટેલ

વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ(COVID-2019) ને વર્લ્?ડ હેલ્?થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરી છે. ભારતભરમાં પણ નોવેલ કોરોના વાયરસ(COVID-2019) સામે તકેદારીના પગલાંને ધ્?યાને રાખી વલસાડ જિલ્લાની તમામ બેંકો સવારે ૧૦-૦૦ થી બપોરના ૨-૦૦ વાગ્?યા સુધી જ ખુલ્લી રહેશે. બેંકના કામકાજ દરમિયાન માત્ર નાણાં ડીપોઝીટ અને ઉપાડ, ચેક કલીયરન્?સ, નાણાં ટ્રાન્?સફર તથા સરકારી લેવડ દેવડ જ કરવામાં આવશે. હાલમાં લોકડાઉનને ધ્?યાને રાખી બિનજરૂરી બેંકમાં ભીડ ન કરવા અને જરૂર હોય તો જ બેંકમાં જવા કન્?વીનર એસએલબીસી( ગુજરાત) જનરલ મેનેજર, બેંક ઓફ બરોડા દ્વારા જણાવાયું છે.

CYMK

# દાહોદ જિલ્લામાં લગ્નો સહિતના પ્રસંગો ઉપર પણ પ્રતિબંધ, કરફ્યુનો કડક અમલ




સમગ્ર દાહોદ જિલ્લામાં અમલી બનેલા કરફ્યુને પગલે આજે કલેક્ટર શ્રી વિજય ખરાડીએ સામાજિક પ્રસંગો ઉપર પણ પ્રતિબંધ મૂકી દીધો છે અને હવે મરણ પ્રસંગને બાદ કરતા કોઈ પણ પ્રકારના સામાજિક કાર્યક્રમો કરી શકાશે નહી. ખાસ કરીને દાહોદ જિલ્લામાં લગ્ન પ્રસંગો યોજાતા જણાય તો આયોજક પરિવાર સામે ફોજદારી રાહે કાર્યવાહી કરવા આદેશ કરી દેવામાં આવ્યા છે. બીજી તરફ, જિલ્લા પોલીસ તંત્ર દ્વારા કરફ્યુનો સંપૂર્ણ અમલ કરાવવા માટે ઠેરઠેર નાકાબંધી કરી દેવામાં આવી છે. જિલ્લાને લાગતુ પડતી આંતરરાજ્ય સરહદો પણ સીલ કરી દેવામાં આવી છે. કલેક્ટર શ્રી વિજય ખરાડી અને ડીએસપી શ્રી હિતેશ જોયસરે આજે તાલુકા મથકોના અધિકારીઓ સાથે વિડીઓ કોન્ફરન્સ કરી હતી અને તેમાં ઉક્ત મુજબની સૂચના આપી હતી. સીઆરપીસીની કલમ ૧૪૪ હેઠળ સમગ્ર દાહોદ જિલ્લામાં લાગુ કરવામાં આવેલી સંચારબંધીનો સઘન અમલ કરાવવા માટે આ બન્ને અધિકારીઓએ સૂચના આપી હતી. દાહોદ જિલ્લામાં હાલે લગ્નસરા ચાલતી હોવાથી તે પણ કોરોના વાયરસના ફેલાવાનું મહત્વનું કારણ બની શકે છે. આ ગંભીર બાબતને ધ્યાને લઇ લગ્નનો મેળાવડો યોજવા ઉપર પણ પ્રતિબંધ જાહેર કરવામાં આવ્યો છે. જો કોઇ પરિવાર લગ્ન પ્રસંગનો મેળાવડો યોજતા જણાય તો તેને કારણે વરવધૂ સહિતના આયોજકો સામે પોલીસ રાહે કાર્યવાહી કરવામાં આવશે. આ અંગે સરપંચોને પણ માહિતીગાર કરવા જણાવવામાં આવ્યું હતું.

દરમિયાન, કલેક્ટરશ્રીએ દાહોદ, ઝાલોદ અને દેવગઢ બારિયા નગરપાલિકાના મુખ્ય અધિકારીઓને જાહેર સ્થળોના ડિસઇન્ફેક્શનની પ્રક્રીયા, સફાઇની કામગીરી સઘન બનાવવા માટે સૂચના આપી હતી.

પ્રાંત અધિકારીઓને એવી સૂચના આપવામાં આવી છે કે, તાલુકા મથકે એક સ્થળે ક્વોરન્ટાઇન માટેના લોકેશન નિયત કરી લેવામાં આવે. જેથી પાછળની કોઇ તકલીફ ના પડે. ગ્રામ મથકના સરકારી કર્મચારીઓને હેડ ક્વાટર ના છોડવા કહેવામાં આવ્યું છે.

દરમિયાન, આ વિડીઓ કોન્ફરન્સ દરમિયાન મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર. ડી. પહાડિયાએ જણાવ્યું કે, દાહોદ જિલ્લામાં આરોગ્ય વિભાગની ૧૪૩૭ ટીમ્સ દ્વારા અત્યાર સુધીમાં ૫૫૬ ગામોમાં સર્વે કરવામાં આવ્યો છે. જેમાં ૫૮૦૯૨ ઘરોમાં રહેતા ૩૯૭૦૯૬ લોકોને સર્વેમાં આવરી લેવામાં આવ્યા છે.

બીજી વિશેષ બાબત એ છે કે, આ સર્વે દરમિયાન ૭૧ વ્યક્તિએ વિદેશ પ્રવાસ કર્યો હોવાનું માલૂમ પડ્યું હતું. જેમાં તેનો ૧૪ દિવસનો ક્વોરન્ટાઇન સમયગાળો પૂર્ણ થઇ ગયો હતો. તેમાં કશું શંકાસ્પદ જણાયું નહોતું. આજની સ્થિતિએ ૫૭ વ્યક્તિને હોમ ક્વોરનટાઇનમાં રાખવામાં આવ્યા છે. જ્યાં તેમના ઘરમાં માર્કેશન કરવામાં આવ્યું છે. સર્વે દરમિયાન મળી આવ્યા હોય તેવા અને એરપોર્ટ દ્વારા માહિતી આપવામાં આવી હોય તેવા મળી કુલ ૧૨૬ વ્યક્તિ વિદેશ પ્રવાસી છે.

દાહોદ જિલ્લામાં અત્યાર સુધી ૧૨૬ લોકોએ વિદેશ યાત્રા કરી છે. જેમાં આરબ અમીરાતની ૩૯, ચીનની ૩, ઇન્ડોનેશિયાની ૨, તૂર્કીસ્તાનની ૨, ઇરાકની ૫, ફિલિપાઇન્સની ૩, મલાશિયાની ૧૯, અબુ ધાબીની ૨, ઓમાનની ૩, અમેરિકાની ૧૧, રશિયા, મોરેશિયસ, કેનેડાની એકએક, કુવૈતની ૩, થાઇલેન્ડની ૩, યુરોપની એક, જર્મનીની ૨, દૂબઇની ૧૭, ઇજીપ્ત-જોર્ડનની ૨ સહિત અન્ય રાજ્યોની મુલાકાત લેનારા પ્રવાસીઓનું સર્વેક્ષણ કરવામાં આવ્યું છે. આ પ્રવાસીઓ પૈકી ૧૬થી ૨૫ વય જૂથના ૧૬, ૨૬થી ૩૫ વય જૂથના ૨૨, ૩૬થી ૫૦ વય જૂથના ૧૭ પ્રવાસીઓ છે. તેમાંથી ૨૦ મહિલાઓ અને બે બાળકોનો સમાવેશ થાય છે. તમામની તકેદારી આરોગ્ય વિભાગ દ્વારા રાખવામાં આવી હતી. તમામ પ્રવાસીઓનું સ્વાસ્થ્ય સારૂ છે.



**પાલનપુરના એરોમાં ગુરુનાનક ચોક જેવા મુખ્ય વિસ્તારો સહિત શહેરના તમામ મુખ્ય માર્ગો પોલીસ નિગરાની માં રાખવામાં આવ્યા છે કોરોના ના ચેપ ને અટકાવવા લોક ડાઉનના આદેશ ને લઈ શહેરમાં પોલીસ પણ ખડેપડે પોતાની ફરજ નિભાવી રહી છે જોકે લોક ડાઉન ને લઈ લોકોમાં ગંભીરતા દેખાઈ ન હતી પોલીસ દ્વારા શહેરમાં કોરોના ની સ્થતી વચ્ચે અગત્યના અને ઈમરજન્સી કારણો સિવાય ઘરની બાહર ના નીકળવા અને મોઢે માસ્ક અથવા રૂમાલ બાંધવા ની નમ્રતા પૂર્વક સમજણ આપી કોરોના જેવા ગંભીર વાયરસ સામે લડત આપવા માટે સરકાર સાથે સહયોગ આપવા કહ્યું હતું જોકે પોલીસ સમક્ષ લોકોએ અવનવા કારણો ધરી બચતા નજરે ચડ્યા હતા જીવલેણ કોરોના વાયરસ જેવી વૈશ્વિક મહામારી વચ્ચે ફરજ નિભાવતાં પોલીસો માટે પણ લોકોએ ગંભીરતા ના રાખતા અડચણો ઉભી થઈ હતી જોકે કોરોના વાયરસ ને લઈ લોકોની સતર્કતા ના જોતાં પોલીસ પણ મજબુર જોવા મળી હતી.**

**બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત**



**ચાણસ્મા શહેરમાં સરકારના આ દેશનો કડક પાલન થઈ રહ્યો છે.............જાણવા મળતી માહિતીને આધારે દુબઈથી આવેલ વ્યક્તિ ઘરમાં નહીં રહે તો તેના કારણે પોલીસ સ્ટેશનની બોરવાડી વિસ્તારના લોકોએ રજૂઆત કરતા ચાણસ્મા મામલતદાર, તાલુકા હેલ્થ ઓફિસર, ચાણસ્મા પી.આઈ તાત્કાલિક અસરથી ચાણસ્મા શહેરમાં પોતાના કાફલા સાથે નીકળીને તમામ બજાર બંધ કરાવ્યું હતું અને લોકોને ઘરમાં રહેવા માટે સૂચન કરવામાં આવ્યું હતુંજીવન જરૂરિયાતની વસ્તુ દુકાનો, દવાખાના, દવાની દુકાનો ચાલુ રાખવા જણાવ્યું હતું પરંતુ અહીંયા આગળ વધારે માણસ ભેગું ના થાય એની પણ સૂચના આપી હતીર્યું હતું**

**માટે પ્રજા પોતે પોતાની કાળજી લે અને આ મહામારી ના રોગથી બચે એ જઅત્યારે અગમચેતીના પગલા છેપોતાની કાળજી પોતાની સાથે રાખવી જરૂરી છે**

# “બકાના ગતકડાં ભાગ ૫”

લોક ડાઉન ૧

લેખક :- નિકેતા વ્યાસ – કુંચાલા ,અમદાવાદ (સ)૯૭૨૪૩૩૯૪૧૧

“આજથી સમગ્ર ગુજરાતમાં લોક ડાઉનનો આદેશ.આવશ્યક કારણ સિવાય ઘરની બહાર ન નીકળવા અપીલ.હાલ પૂરતો ચોવીસથી એક્ત્રીસ માર્ચ સુધી લોક ડાઉનનો અમલ.જનતા જો લોક ડાઉનનું કડક પાલન નહી કરે તો કરફ્યુ લાગુ થવાની સંભાવના .” ટીવીમાં સમાચાર જોતા જોતા શાક સમારતાં બકાએ ટીવીનો અવાજ ધીમો કર્યો.

“ ત ુ ર ી ...એય.....તુ....રી.....”

“ શું બનાવવાનું છે આજે બોલો.”બાજુમાં બેસીને મોબાઈલમાં વ્યસ્ત પત્ની બોલી.

“તને ખબર કેવી રીતે પડી જાય છે કે હું તને શું કહેવાનો છું ?”

“આ તમે જે સ્ટાઇલથી તુ...રી...બોલો છોને એના ઉપરથી.”

“અચ્છા...તારા માટે શું ઈમ્પોર્ટન્ટ છે ?”

“એઈ.... મારો ડાયલોગ નહી બોલવાનો...”બેયથી ખડખડાટ હસી જવાયું.એકવીસ વર્ષ પહેલાં નવા નવા પરણીને હનીમુન કરવા ગોવા ગયેલાં ત્યારની એ વાત બેયને તાજી થઈ આવી.બીચ ઉપર ફરતાં ફરતાં કોઈ પિકચરનું શુટીંગ જોવાં ઊભા રહ્યાં.એટલી બધી ભીડમાં કસ્તુરીને બરાબર દેખાય નહી.એટલે ઊંચીનીચી થયા કરે. બકાએ રીતસરની તેડી જ લીધી.હિરોઈનને ગુંડાઓ ઉઠાવી જતાં હોય અને હીરોની એન્ટ્રી થાય....દે ધનાધન મારામારી ચાલુ......સાલું પહેલીવાર ખબર પડી કે સાચેસાચ કોઈ એકબીજાને મારતાં નથી હોતા. હીરોને જીપમાં બેસાડીને ક્રેનથી જીપને એક જહાજ ઉપર લેન્ડ કરી.અને જ્યારે મુવી થિયેટરમાં જોયું ત્યારે તો હીરો જીપ હવામાં કુદાવીને જહાજ ઉપર લેન્ડ થાય છે એવું બતાડ્યું હતું બોલો !!! આ મુવી તો બકાએ અગણિત વખત જોયું હશે.એનું એક મખમલી કારણ પણ હતું.

અચાનક હીરોને ઈજા થતાં શૂટિંગ ખોરવાઈ ગયું.બકો જે રીતે કસ્તુરીને તેડીને ઊભો હતો,એ ક્યારનો કેમેરામેનની નજરમાં હતો.કેમેરામેને ડાયરેક્ટરને કઈક કહ્યું.એક માણસ બકા પાસે આવ્યો અને એને ડાયરેક્ટર બોલાવે છે એમ સંદેશો આપ્યો.દૂરથી આવતી આ નવપરિણીત જોડીને બધાં જોઈ જ રહ્યાં.સૌથી નોટીસેબલ બકાની છ ફૂટની હાઈટ, મોટી મોટી નિર્દોષ આંખો,સિલ્કી વાળ ,ગુલાબી હોઠ ઉપર આકર્ષક મૂછો ,અણીયાળું નાક,પહોળું કપાળ,ફેર સ્કીન અને બ્રાન્ડેડ ડ્રેસિંગ સાથે સૌથી કાતિલ તો એનું સ્માઈલ હતું.એ જરાક હોઠ ખેંચે... અને જે સ્મિત લકીર દેખાય એમાં ભલભલાં ક્લીન બોલ્ડ થઇ જતાં.

કસ્તુરી પણ ઈન્દ્રની અપ્સરાઓને ઝાંખી પાડે એમ હતી.સાડા પાંચ ફૂટની ઊચાઇ,સપ્રમાણ ઘાટીલું શરીર,ગોરો વાન,ફેશનેબલ આઉટફીટસ,લેટેસ્ટ હેરકટ સાથે મોટી અણીયાળી આંખો એના છટાદાર વ્યક્તિત્વને અલગ લુક આપતી હતી.

ડાયરેક્ટરે ધીમેથી પ્રસ્તાવ મુક્યો.જો બકો રાજી હોય તો આ લોકેશન પર સુર્યાસ્ત પહેલાં હીરોના ડમી તરીકે એને લઈને હીરો-હિરોઈનની પહેલી મુલાકાતનો એક રોમેન્ટિક સીન શૂટ કરવો છે. બકો કઈ બોલે એ પહેલા જ કસ્તુરીએ સંમતિ આપી દીધી.સીન સમજાવાયો.સીન ગોઠવાયો.કેમેરો બકાની પાછળ.હિરોઈનનો ફ્રન્ટ સાઈડ ફેસ અને ડાયલોગ :”કૌન હો તુમ ? જો ભી હો મેરે લિયે ફરિશ્તે સે કમ નહી.” બોલતાંકને બકાનો હાથ પકડીને ચૂમ્યો.સીન ઓકે થઈ ગયો.પણ કસ્તુરીના દિમાગમાં વારંવાર એના રીટેક થતાં રહ્યાં.હિરોઈન જાનાની આંખો પણ ઘણું બધું કહેતી હતી.એ વાંચી ગયેલી કસ્તુરીએ રીતસરનો ઉધડો લઈ લીધો.”સીન સમજાવ્યો ત્યારે તો આ હાથ ચૂમવાનું નહોતું સમજાવ્યું.એણે તારા હાથે કિસ કેમ કરી ? અને તું કેમ કઈ નાં બોલ્યો ?” હોટલમાં ગયાં પછી કસ્તુરીએ જાતે સાબુ અને સ્ક્રબરથી ઘસી ઘસીને બકાનો હાથ ધોયો.બકાનો આમાં વાંક ક્યાં હતો ?છેવટે બોલી બોલીને થાકેલી કસ્તુરી બકાને હીબકાં ભરી ભરીને રોઈ.બકાએ રડવા દીધી. મન શાંત થયા પછી એણે બકાને એટલું જ પૂછ્યું : “તારા માટે શું ઈમ્પોર્ટન્ટ છે ?”

“ તું.“એની આંખોમાં આંખો પરોવીને બકાએ જવાબ આપ્યો. કસ્તુરીના બત્રીસે કોઠે દીવા ઝળહળી ઊઠ્યાં.

“તો ચાલો અત્યારે જ અમદાવાદ પાછા જતા રહીએ.મારે અહી બિલકુલ નથી રહેવું.” તરત જ એ હોટલ અને એ જગ્યા છોડી નીકળી ગયેલાં બકા માટે કસ્તુરીનો આ ડાયલોગ જીવનભરનું સંભારણુ બની ગયો.

બકાએ ચપટી વગાડતાં કહ્યું :” મેડમ ગોવા થી અમદાવાદ પાછા પધારો.આજે મસ્ત ટેસ્ટી પાંવભાજી ખવડાવો એવી ગુજારીશ છે.”

“ જી હુજુરે આલા...” કહેતી મલકાતી કસ્તુરી રસોડામાં ગઈ. બકાનું મન પાછું ગોવા પહોચી ગયું.બકો નીકળી ગયા પછી જાનાનો માણસ એને મળવા આવ્યો હતો.હોટલના રીસેપ્શન પરથી મળેલા ઓફીસના ફોન નંબર ઉપર અઠવાડીયા પછી જાનાનો ફોન આવ્યો.અને આવતો રહ્યો...આટલાં વર્ષોમાં એના મળવાના સતત આગ્રહ પછીએ ક્યારેય ન મળેલો બકો એના હૈયે વસી ગયો હતો.

જીવનની ઘટમાળો વચ્ચે ય બેયની મિત્રતા હજી અકબંધ હતી.એની યાદ સાથે જ બકાના મગજમાં ગીત ઊભરી આવ્યું.......

“ સમય કી ધારા મેં ઉમર બહે જાની હૈ...

દો ઘડી જી લેંગે વહી રહ જાની હૈ.....

મૈ બન જાઉં સાંસ આખરી તું જીવન બન જા....

મૈ નાં ભુલુંગા.... મૈ નાં ભુલુંગી..”

તારીખ – ૨૪/૩/૨૦૨૦

# ચીનની ગુપ્ત લેબોરેટરી - ‘વુહાન ઈન્સ્ટિટયૂટ ઓફ વાયરોલોજી જ્યાંથી કોરોના વાયરસ ફેલાયો

કોરોના વાઈરસનો કેર આખા વિશ્વને ધ્રુજાવી રહ્યો છે. અમેરિકા, બ્રિટન, ઈટાલી, કેનેડા, જાપાન, ઈરાન, દક્ષિણ કોરિયાથી માંડીને વિશ્વના ૧૬૪ જેટલા દેશો ભયભીત છે. બ્રિટનના આરોગ્યમંત્રી પણ કોરોના વાઈરસથી બીમાર છે. સવાલ એ છે કે પૃથ્વી પર આ ચેપ પાછલાં હજારો વર્ષ દરમિયાન કદી જોવા મળ્યો નહોતો. તે અચાનક આવ્યો ક્યાંથી?

ચીન ના પાડે છે પરંતુ વિશ્વના અનેક દેશોને શંકા છે કે કોરોના વાઈરસ ચીનની જ જૈવિક શસ્ત્રો પેદા કરવાની ગુપ્ત લેબોરેટરી ‘વુહાન ઈન્સ્ટિટયૂટ ઓફ વાયરોલોજી’ની જ પેદાશ છે. બાયોલોજિક વેપન્સ એટલે કે જૈવિક શસ્ત્રો અણુ બોમ્બ કરતાં સામૂહિક માનવસંહાર માટે ઉપયોગમાં વધુ સરળ છે. અણુશસ્ત્રોનો ઉપયોગ કરવા માટે યુદ્ધ વિમાનો કે મિસાઈલ્સનો ઉપયોગ કરવો પડે છે જ્યારે લોકોને જીવલેણ બીમારીનો ભોગ બનાવી મોતને ઘાટ ઉતારવા વિમાનો કે મિસાઈલ્સની જરૂર પડતી નથી. જીવાણુ શસ્ત્રોને દુશ્મન દેશ સુધી પહોંચાડવાના રસ્તા આસાન છે. દા.ત. કોરાના વાઈરસથી લિપ્ત ચીજવસ્તુઓ, વસ્ત્રો, ટેલિફોન કે બીજા ઉપકરણો બીજા દેશમાં મોકલી દો અને લોકોને બિમાર પાડી દો અથવા તો પોતાના જ દેશના ૧૦ માણસોને બીમાર પાડો અને બીજા દેશોમાં ધકેલી દો એટલે વાત પતી.

પહેલાં ચીનની વુહાન ઈન્સ્ટિટયૂટ ઓફ વાયરોલોજીને ઓળખી લઈએ. કોરોના વાઈરસ જ્યાંથી ફેલાયો તે વુહાન શહેરમાં આ ઈન્સ્ટિટયૂટ આવેલી છે. તેની રચના ૧૯૫૬માં થઈ હતી. આ ઈન્સ્ટિટયૂટના સ્થાપક હતા (૧) ચેન હુઆગુઈ અને (૨) ગાઓ શાન્ચીન. આ ઈન્સ્ટિટયૂટનું હેડ ક્વાર્ટર વુહાનનાજિઆગ્નિક્સ ખાતે છે. હાલ આ ઈન્સ્ટિટયૂટના ડાયરેક્ટર જનરલ તરીકે વાન્ગ યાનીઈ છે. ઈન્સ્ટિટયૂટની પિતૃસંસ્થા ચાઈનીઝ એકેડેમી ઓફ સાયન્સ છે. તેની વેબસાઈટનું એડ્રેસ્ રૈદૃ.ષ્ઠટ્ઠજૈ.હ છે. આ ઈન્સ્ટિટયૂટની સ્થાપના થઈ ત્યારે એનું નામ વુહાન માઈક્રોબાયોલોજી લેબોરેટરી હતું. તે પછી તે સાઉથ ચાઈના ઈન્સ્ટિટ્યૂટ ઓફ માઈક્રોબાયોલોજી તરીકે ઓળખાઈ. ૧૯૭૮માં તેનું નામ વુહાન ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી રાખવામાં આવ્યું. ટૂંકમાં, ચીનની આ ઈન્સ્ટિટયૂટ વિવિધ પ્રકારના વાઈરસ અંગે સંશોધન કરે છે.

ઈતિહાસ એવો છે કે ૨૦૧૫માં ચીનની નેશનલ બાયો-સેફ્ટી લેબોરેટરીનું કામ પૂરું થયું ત્યારે તેનો કુલ ખર્ચ ૩૦૦ મિલિયન યુઆન એટલે કે ૪૪ મિલિયન ડોલર જેટલો આવ્યો હતો. આ કામ ફ્રાન્સના એન્જિનિયર્સના સહકારથી પૂરું કરવામાં આવ્યું હતું. અહીં શું કામ થાય છે તે અંગે આખી દુનિયા અંધારામાં હતી પરંતુ ચીનની બૈજિંગ ખાતે આવેલી બીજી એક ચાઈનીઝ લેબોરેટરીઝમાંથી સાર્સ વાઈરસ છટક્યો અને દુનિયાભરમાં સાર્સ વાઈરસ ફેલાઈ ગયો ત્યારે તેની પર સહુથી પહેલી શંકા અમેરિકાના મોલેક્યુલર બાયોલોજિસ્ટ રિચાર્ડ એચ.એબ્રાઈટએ વ્યક્ત કરી હતી. તેમણે ચીનની જૈવિક શસ્ત્રોની ખતરનાક યોજનાઓ પર ચિંતા પણ વ્યક્ત કરી હતી. આર્યની વાત એ છે કે ચીનની આ શંકાસ્પદ લેબોરેટરીના સંબંધો અમેરિકાની યુનિર્વિસટી ઓફ ટેક્સાસ સાથે પણ છે. ૨૦૧૫માં આ લેબોરેટરીએ એક પેપર પબ્લિશ કર્યું હતું જેમાં બેટ કોરોના વાઈરસ (ચામાચીડિયા કોરોના વાઈરસ) પેદા કરી તેનાથી બીજાને ચેપ લગાડી શકાય કે કેમ તે અંગેનો એક સંશોધન લેખ પ્રગટ કર્યો હતો.

ફેબ્રુઆરી ૨૦૨૦માં ન્યૂયોર્ક ટાઈમ્સ અખબારે એક અહેવાલ પબ્લિશ કરી વિશ્વને જાણ કરી હતી કે વુહાન ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજીની એક ટીમ કે જેનું નેતૃત્વ શી ઝેનાગ્લીએ કર્યું હતું. તેમણે નોવેલ કોરોના વાઈરસના જેનેટિક સિકવન્સનું પૃથક્કરણ, ઓળખ અને નામાભિકરણ કર્યું હતું. ચીનની આ ઈન્સ્ટિટ્યૂટ વિવિધ પ્રકારના વાઈરસની રસી નહી પણ ખતરનાક વાઈરસ પેદા કરી જૈવિક શસ્ત્રો બનાવતી હોવાની વાતો પણ ઘુમરાવા લાગી હતી. અલબત્ત, અમેરિકાનાં જ બીજાં અખબારોએ એ વાત તથ્યહીન હોવાનું કહ્યું હતું. આ પ્રકારનો વિરોધ જે નિષ્ણાતોએ કર્યો તે નિષ્ણાતોના અભિપ્રાય અમેરિકાના ‘ધી વોશિંગ્ટન પોસ્ટ’ નામના અખબારમાં પ્રગટ થયા હતા.જાન્યુઆરી અને ફેબ્રુઆરી, ૨૦૨૦માં આ ઈન્સ્ટિટ્યૂટ પર કેટલાકે એવી શંકા સેવી હતી કે કોરોના વાઈરસ ચીને ઈરાદાપૂર્વક ફેલાવેલો નહીં પરંતુ અકસ્માતે ચીનની જ વુહાન લેબોરેટરીમાંથી છટકેલો વાઈરસ છે. ચીનના સત્તાવાળાઓ આ વાત સ્વીકારતા નથી પરંતુ ચીનના વુહાનમાં જ્યાંથી આ કોરોના વાઈરસે સહુથી પહેલો કેર મચાવ્યો તે વુહાનમાં જ વુહાન ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી આવેલી છે તે પણ એક હકીકત છે. હવે કોરોના વાઈરસ ચીનની ઈચ્છાથી આખી દુનિયામાં પ્રસરી ગયો છે કે લેબોરેટરીની ભૂલથી એ કહેવું મુશ્કેલ છે. આ વાઈરસના કારણે ચીનમાં ૩૭૦૦થી વધુ લોકો મોતને ભેટયા છે તેથી ચીનની લેબોરેટરીમાંથી અકસ્માતે તે બહાર છટક્યો હોય તે થિયરી વધુ બંધ બેસે છે. એ જે હોય તે પણ કડવું સત્ય એ છે કે ચીનના વુહાનમાં ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી છે ને ગુપ્ત રીતે તે કોરોના જેવાં જૈવિક શસ્ત્રો બનાવે છે.

યાદ રહે કે બાયોલોજિકલ વેપન્સ અણુશસ્ત્રો અને આતંકવાદ કરતાં વધુ ખતરનાક છે. આ પ્રકારની ગુપ્ત લેબોરેટરીઓમાં એવા વાઈરસ પેદા કરવામાં આવે છે જેની રસી-વેક્સિન ઉપલબ્ધ જ નથી.

વિશ્વમાં અત્યાર સુધીમાં જે બાયોલોજિક વેપન્સ બની ચૂક્યાં છે અને જેમનો ઉપયોગ જે બીમારીઓ ફેલાવવા માટે થઈ ચૂક્યો છે તેમાં (૧) એન્થ્રેક્સ (૨) બોટ્યુલિઝમ (૩) હેમરેજિક ફીવર (૪) પ્લેગ (૫) સ્મોલપોક્સ (૬) ટુલેરેમિયા (૭) બ્રુસેલોઈસ (૮) કોલેરા (૯) એન્સેફેલાઈટીસ (૧૦) ફૂડ પોઈઝનિંગ (૧૧) ગ્લેન્ડર્સ (૧૨) સીટાકોઈસ (૧૩) ક્યૂ-ફીવર (૧૪) ટાઈફીસ વગેરેનો સમાવેશ થાય છે. આ બીમારીઓ પેદા કરવા માટે જે વાઈરસ વપરાયા તેમાં (૧) બેસિલિયસ ક્લોસ્ટ્રીડિયમ બાપ્યુલિનિયમ (૨) માર્ગ બર્ગ વાઈરસ (૩) ઈબોલા વાઈરસ (૪) યોર્ઝિનિયા પેસ્ટીસ (૫) વેરિયોલા મેજર (૬) બ્રુસેલા વગેરેનો સમાવેશ થાય છે. આ બધાં ટેક્નિકલ નામો છે એટલે ટૂંકી જ યાદી આપી છે. આ બધાં જ જૈવિક શસ્ત્રો પહેલા વિશ્વયુદ્ધ અને બીજા વિશ્વયુદ્ધ દરમિયાન વપરાઈ ચૂક્યાં છે.

આવાં જ ખતરનાક જૈવિક શસ્ત્રોની શોધ થયા જ કરશે અને સંશોધન દરમિયાન જ એ ગુપ્ત પ્રયોગશાળાઓમાં કોઈ અકસ્માત સર્જાશે તો ભવિષ્યમાં માનવજાતના સંહાર માટે અણુશસ્ત્રોની જરૂરિયાત જ નહીં રહે. અને એ વાત યાદ રહે કે એકવાર જીવાણુ શસ્ત્રો વિશ્વભરમાં ફેલાઈ જશે તો સામાન્ય માનવીની વાત તો જવા દો પરંતુ વિશ્વના શક્તિશાળી દેશોના વડાઓ અને તેમના પરિવારના સભ્યો પણ બચી શકશે નહીં. એવાં જૈવિક શસ્ત્રો બનાવનાર જે તે દેશના પ્રેસિડેન્ટ પણ નહીં. કોઈ નહીં બચે.

ચીનની ‘વુહાન ઈન્સ્ટિટયૂટ ઓફ વાયરોલોજી’ જ્યાં આવેલી છે તે ચીનનું વુહાન શહેર ૧ કરોડ ૧૦ લાખની વસ્તી ધરાવે છે. અહીંથી જ શરૂ થયેલો આ વાયરસ વિશ્વભરમાં ફેલાયો પરંતુ ચીનની સરકારે આ તમામ વસ્તીને એક મહિના સુધી ઘરમાં જ રહેવા મજબૂત વ્યવસ્થા ગોઠવી દીધી. વુહાનના ૬૫ હજાર લોકોમાં કોરોના વાયરસ જણાયા. ૧૪ હજાર લોકોને હોસ્પીટલમાં દાખલ કરવા પડયા.

તેમાંથી ૩૨૦૦ લોકોને આઈસીયુમાં રાખવા પડયા. એ ૩૨૦૦ પૈકી માંડ ૨૫૦ને જ બચાવી શકાયા. બાકીનાઓના મૃત્યુ નીપજ્યાં. ૧ કરોડ ૪૦ લાખની વસ્તી ધરાવતા ચીને આ ભયાનક બીમારીને નિયંત્રિત જ કરવા જે પગલાં લીધા છે તે પણ સહારનીય છે. કોરોના વાયરસ પેદા કરવા માટે ચીન ભલે જવાબદાર હોય પરંતુ એક મહામારીને નિયંત્રીત કરવાની તેની તાકાતને પણ સમજવાની જરૂર છે.

**Please share it with everyone, these doctros you can consult fro free on phone**

**Fro telephonic guidance on COVID-19 from 8 am to 12 noon -**

**Dr Tushar Shah. 9321469911**
**Dr M Bhatt. 9320407074**
**Dr D Doshi. 9820237951**
**Dr D Rathod. 8879148679**
**Dr R Gwalani. 8779835257**
**Dr D Kansara. 8369846412**

**Fro telephonic guidance on Covid-19 from 12 to 4 pm -**

**Dr G Kamath. 9136575405**
**Dr S Manglik. 9820222384**
**Dr J Jain. 7021092685**
**Dr A Thakkar. 9321470745**
**Dr L Bhagat. 9820732570**
**Dr N Shah. 9821140656**
**Dr S Phanse. 8779328220**
**Dr J Shah. 9869031354**

**Fro telephonic guidance on Covid-19 from 4 to 8 pm -**

**Dr N Zaveri. 9321489748**
**Dr S Ansari. 7045720278**
**Dr L Kedia. 9321470560**
**Dr B Shukla. 9321489060**
**Dr S Halwai. 9867379346**
**Dr M Kotian. 8928650290**

**Fro telephonic guidance on Covid-19 from 8 to 11 pm -**

**Dr N Kumar. 8104605550**
**Dr P Bhargav. 9833887603**
**Dr R Chauhan. 9892135010**
**Dr B Kharat. 9969471815**
**Dr S Dhulekar. 9892139027**
**Dr S Pandit. 9422473277**

**P.S. - Another excellent helpline (24×7) has been initiated by Indian Medical Association. The numbers are +919999672238 and +919999672239.**

### અરવલ્લી જીલ્લાના પ્રજાજનો બેદરકાર

# લોકડાઉન માં પણ વાહનો લઈ દોડાદોડ પોલીસતંત્ર અમલવારી માટે ભારે મથામણ

અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોના નામની મહામારી સામે જંગ લડવા રાજ્ય સરકાર બનતા પ્રયત્નો કરી રહી છે કોરોનને ફેલાતો અટકાવવા ગુજરાતના ગૃહ વિભાગ દ્વારા સમગ્ર રાજ્યમાં મધ્ય રાત્રિથી જ લોક ડાઉનની જાહેરાત કરી હતી અરવલ્લી જીલ્લામાં કોરોના વાઈરસ અંગે વહીવટી અને આરોગ્ય તંત્ર સતત કામીગીરી કરી રહી છે બીજીબાજુ અરવલ્લી જીલ્લામાં કેટલાક લોકોએ કોરોના અંગે બેદરકાર હોય તેમ ખુલ્લેઆમ માર્ગો પરથી વાહનો લઈ દોડાદોડ કરતા નજરે ચઢ્યા હતા પોલીસતંત્રે લોકડાઉનની અમલવારી માટે ભારે પરસેવો પાડવો પડ્યો હતો મોડાસા શહેરના ચાર રસ્તા સહીત તમામ પ્રવેશદ્વારોએ બેરિકેડ ગોઠવી



બેરીકેટ લગાવી વાહનચાલકોને અટકાવ્યા હતા પોલીસે વાહનચાલકો સાથે ઘર્ષણમાં ઉતર્યા વગર વાહનચાલકોને સમજ આપી હતી તેમ છતાં ન માનતા ડંડાની ભાષામાં પણ કેટલાક વાહનચાલકોને સમજાવવાની ફરજ પડી હતી

અરવલ્લી જીલ્લામાં લોકડાઉન હોવા છતાં કેટલાક લોકો જીલ્લાના માર્ગો પર બિન્દાસ્ત વાહનોમાં પસાર થતા જોવા મળ્યા હતા જીલ્લાના મુખ્ય મથક મોડાસા ખાતે આજે વહેલી સવાર થી ચારે તરફ ના રસ્તે બેરિકેટ મૂકી અને પોલીસ દ્વારા લોક ડાઉન કરવામાં આવ્યું છે તેમ છતાં કેટલાક દ્વિ ચક્રીય વાહનચાલકો બિન્દાસ્ત શહેરના માર્ગો પર માસ્ક પહેર્યા વગર આંટાફેરા મારતા નજરે ચઢ્યા હતા પોલીસતંત્ર સતત વાહનચાલકોને લોકડાઉનમાં સહયોગ આપવા સમજ આપી હતી મોડાસા શહેરમાં પ્રવેશતા તમામ નાના- મોટા વાહન ચાલકોને અગત્યના કામ સિવાય પ્રવેશ કરવા દીધો ન હતો સરકારી કર્મચારી કે અન્ય આવશ્યક સંસ્થા ના કર્મચારીઓ ને જાહેરનામા માં દર્શાવ્યા મુજબ આઈડી પ્રુફ ચેક કર્યા બાદ પ્રવેશ આપવામાં આવ્યો હતો કોરોના મહામારીને વધતા અટકાવી તેની સામે રક્ષણ મેળવવાના કડકમાં કડક પગલાં પોલીસ અને વહીવટી તંત્ર લઈ રહ્યું છે

મોડાસા શહેરમાં સોસાયટી વિસ્તારમાં રહેતા કેટલાક શહેરીજનો અને યુવાનો હજુ પણ કોરોનાની ગંભીરતા સામે બેદરકાર જણાઈ રહ્યા હોય તેમ ટોળેટોળા વળાઈ ગપ્પા મારતા દ્રશ્યો સામાન્ય બની રહ્યા છે શહેરના સોસાયટી વિસ્તારોમાં લાવરમૂછિયા યુવાનો લોકડાઉનમાં ઘરમાં પુરાઈ રહેવાના બદલે વાહનો લઈ આંટાફેરા મારતા સતત નજરે પડતા હતા પોલીસતંત્ર શહેરીજનોને સતત એનાઉન્સ કરી લોકડાઉનમાં સહયોગ માટે અપીલ કરી રહી છે પરંતુ શહેરીજનો હજુ પણ સજાગ હોય તેવું લાગી રહ્યું નથી

### કોરોના ઈફેક્ટ

# અરવલ્લી વહીવટી તંત્રએ રાજસ્થાનને જોડાતી તમામ સરહદો અને આંતરજીલ્લા સરહદ વાહનો પર પાબંધી




અરવલ્લી બ્યુરો મોડાસા

બીજા તબક્કામાં રાજ્યમાં કોરોના વાયરસ ઝડપથી પ્રસરી રહ્યો છે. રાજ્યમાં અત્યાર સુધી કોરોના વાયરસના ૨૯ જેટલા પોઝિટિવ નોંધાયા છે. રાજ્યમાં કોરોના વાયરસને કારણે સુરતના એક વ્યક્તિનું મોત નીપજ્યું છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા પણ આ રોગ સામે જરૂરી અટકાયતી પગલા ભરવામાં આવી રહયા હોવાના દાવા કરાઈ રહયા છે અરવલ્લી જિલ્લા વહીવટી તંત્રએ રાજ્ય સરકારની સૂચનાના આધારે રાજસ્થાન રાજ્યને જોડાતી તમામ સરહદ અને આંતરજિલ્લા સરહદ પરથી પ્રવેશતા તમામ પબ્લિક ટ્રાન્સપોર્ટ સાથે જોડાયેલ સરકારી અને ખાનગી વાહનો પર પાબંધી લગાવી દઈ સરહદ શીલ કરી દેવામાં આવી છે . અરવલ્લી જીલ્લા કલેક્ટર અમૃતેષ ઔરંગાબાદકર ના માર્ગદર્શન હેઠળ વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગે કોરોના મહામારી ને રોકવા માટે કમર કસી છે રાજસ્થાન રાજયમાંથી પ્રવેશતા તમામ સરકારી અને ખાનગી પબ્લિક ટ્રાન્સ્પર્ટ સાથે જોડાયેલા વાહનો પર પાબંધી લાદી દીધી છે ફક્ત જીવનજરૃરિયાત ચીજ વસ્તુઓ અને ખાનગી વાહનો માટે આંતરરાજ્ય સરહદો ખુલી રહેશે

ગુજરાત ના સરહદી વિસ્તાર માં બહાર ન રાજ્યો માંથી આવતા લોકો ને રોકવા માં આવેછે તેમનું મશીન વડે સ્ક્રીનીંગ કરવામાં આવેછે અને જરૂર જણાય તો તેવા મુસાફરો ને તબીબી સારવાર પુરી પાડવા માં આવેછે ત્યારે અરવલ્લી જિલ્લા ના શામળાજી પાસે રતનપુર સરહદે રાજસ્થાન તરફ થી આવતા વાહનો ને પોલીસ આરટીઓ અને આરોગ્ય વિભાગ ના કર્મચારિયો દ્વારા રોકી અને તેમનું સ્ક્રીનીંગ કરવામાં આવેછે તેમની યોગ્ય પૂછપરછ બાદ જો શરદી તાવ અને ઉદરસ જેવા લક્ષણો જણાય તો તેમને આઈશોલેટેડ કરવામાં આવેછે આમ કોરોના ના કહેર ને આટલો સમય વીત્યા બાદ મોડે મોડે અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર જાગ્યું છે અને આંતરરાજ્ય સરહદો પાર કોરોના મહામારી ને પહોંચી વળવા તકેદારી ના પગલા લેવામાં આવી રહ્યા છે.

### મોડાસા નગરપાલિકાના અપક્ષ મહિલા કોર્પોરેટરની દબંગાઈ

# ઈન્દિરાનગરમાં કોરોનનો સર્વે કરતી આરોગ્ય વિભાગની ટીમ પર હુમલો

અરવલ્લી બ્યુરો મોડાસા

ગુજરાતમાં કોરોના વાયરસના હાહાકાર વચ્ચે રાજ્ય સરકારે આખા ગુજરાતને ૩૧મી માર્ચ સુધી સંપૂર્ણ રીતે લોકડાઉન કરવાની જાહેરાત કરી દીધી છે. તેમ છતાં ગુજરાતમાં પોઝિટીવ કેસોની સંખ્યામાં ઉત્તરોતર વધારો થઈ રહ્યો છે.આરોગ્ય કર્મચારીઓ જીવન જોખમે સેવાઓ આપી રહ્યા છે અરવલ્લી જીલ્લા આરોગ્ય વિભાગ સતર્ક બની મોડાસા શહેર સહીત ગ્રામ્ય વિસ્તારોમાં સર્વેની કામગીરી હાથધરી છે મોડાસા શહેરના ઈન્દિરા નગર વિસ્તારમાં સર્વેની કામગીરી કરતી મહિલા આરોગ્ય કર્મચારીઓ પર સ્થાનિક મહિલા કોર્પોરેટર ફરીદાબેન શેખે ઝપાઝપી કરી સર્વેના ફોર્મ પણ છીનવી લેતા વિવાદ સર્જાયો હતો સમગ્ર મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો દબંગાઈ કરતી મહિલા કોર્પોરેટર સામે લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો

પ્રાપ્ત માહિતી અનુસાર, અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરમાં કોરોના વાયરસને લઈને સર્વેની કામગીરી હાથધરવામાં આવી છે મોડાસા શહેરના લઘુમતી વિસ્તારમાં આવેલા ઈન્દીરાનગર વિસ્તાર અને રાઠોડ ફળીમાં આરોગ્ય વિભાગની મહિલા કર્મચારી દિપીકાબેન પંડ્યા આશાવર્કર સાથે સર્વેની કામગીરી કરી પૂર્ણ કર્યા પછી સ્થાનિક મહિલા અપક્ષ કોર્પોરેટર ફરીદાબેન મોં.રફીક શેખે મહિલા આરોગ્ય કર્મચારીઓને ૪ ઘરનો સર્વે બાકી હોવાનું જણાવી તેમના વિસ્તારમાં બોલાવી તમો નેશનલ પોપ્યુલેશન રજીસ્ટરની વિગતો ફોર્મમાં ભરવા આવ્યા છો તમોને કોઈ માહિતી આપવામાં આવશે નહિ તેવો આક્ષેપ કરી સર્વેની કામગીરી કરતા કર્મીઓ પાસેથી ફોર્મ છીનવી લઈ મહિલા કર્મચારી પર હુમલો કરી દુપટ્ટો પણ ફાડી નાખતા મહિલા કોર્પોરેટરની લુખ્ખી દાદાગીરી કરી હોબાળો મચાવતા ભારે વિવાદ સર્જાયો હતો.મોડાસા શહેરની અપક્ષ મહિલા કોર્પોરેટર ફરીદાબેન દ્વારા એનપીઆરના બહાના હેઠળ સરકારી કામગીરીનો વિરોધ કરતા ચકચાર મચી ગઈ હતી

મોડાસા અર્બન હેલ્થ સેન્ટરમાં ફરજ બજાવતા મહિલા આરોગ્ય કર્મચારી દિપીકાબેન પડ્યા અને તેમની સાથે રહેલા આશાવર્કર શબાના બેન પર હુમલાની ઘટના બનતા આરોગ્ય વિભાગના કર્મચારીઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો હુમલાનો ભોગ બનેલ આરોગ્ય મહિલા કર્મચારીઓ દબંગ મહિલા કોર્પોરેટર ફરીદા શેખને કાયદાનો પાઠ ભણાવવા મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા તજવીજ હાથધરી હોવાની માહિતી આરોગ્ય વિભાગના સૂત્રો પાસેથી પ્રાપ્ત થઈ હતી

### સર્વ વિદ્યાલય કડી અને ગાંધીનગર દ્વારા

# કોરોના વાયરસની મહામારીના સમયે અગમચેતીના ભાગરૂપે વ્યવસ્થા કરી

રાષ્ટ્ર ઉપર આવી પડતી આપત્તીઓના સમયે સર્વ વિદ્યાલય સંસ્થા દ્વારા સમાજ અને સરકારશ્રીની સાથે રહી જરૂરી કામગીરી કરેલ છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર, કડી સર્વ વિશ્વ વિદ્યાલય-ગાંધીનગર, શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ-કડી કોરોના વાયરસ ની મહામારીના અનુસંધાને તમામ કેમ્પસો લોકડાઉન કરી દેવા માં આવ્યા છે. ગમે ત્યારે જરૂરીયાતના સમયે ક્વોરન્ટાઈનમાં ૨૦૦૦ વ્યક્તિઓને રાખી શકાય તેવી વ્યવસ્થા કડી અને ગાંધીનગર કેમ્પસની હોસ્ટેલોમાં રૂમો પણ તૈયાર કરી રાખવામાં આવી છે.

તેમજ સમાજમાં રહેતા તમામ નિરાશ્રીતો માટે રોજના પાંચ હજાર વ્યક્તિઓને સતત દસ દિવસ સુધી ભોજન આપી શકાય તેવી સંપૂર્ણ વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે.

તેમજ એક પરિવારના ચાર સભ્યોને એક અઠવાડિયા સુધી ચાલે તેટલું (ગ્રોસરી) અનાજ, કરીયાણું અને તેલ જેવી જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓ ની એક હજાર કીટો કડી અને ગાંધીનગરના કેમ્પસમાં તૈયાર કરવામાં આવી છે.

૧૦૦૦ પરિવારો ને પરિસ્થિતિ ખરાબ થાય તેવા સંજોગોમાં આ સીધુ-સામાન (ગ્રોસરી) તેઓના ઘર સુધી પહોંચાડી શકાય અને એક અઠવાડિયા સુધી જમવાની સગવડ મળી રહે તેવી મજબુત વ્યવસ્થા કરેલ છે.

પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કેમ્પસના ક્વાર્ટસમાં પરિવાર સાથે રહેતા તમામ લોકોને જરૂરી સતત ગાઈડલાઈન આપી ચુસ્ત પાલન કરવાની તમામ સુચનાઓ આપી દેવામાં આવી છે.

કેમ્પસમાં રહેતા તમામ ક્વાર્ટસના કર્મચારીઓને રોજે રોજ તેમના શરીરનું તાપમાન ટ્રેમ્પચર ગનથી ચેક કરી જરૂરી ચકાસણી કરવામાં આવે છે.

કેમ્પસમાં ગમે ત્યારે ગમે તે સમયે કાર્ય કરી શકે તેવી ટીમ સ્ટેન્ડબાય રાખવામાં આવી છે. સંસ્થાની તમામ સ્કુલ બસોને સેનેટાઈઝડ કરી જરૂરીયાતના સમય ઉપયોગ કરી શકાય તે માટે સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે.

આ અંગે ઈમરજન્સી સંપર્ક માટે સંસ્થા દ્વારા ગાંધીનગર માટે ૯૮૨૪૬૭૯૩૩૮ અને કડી માટે ૯૮૯૮૧૨૭૬૭૧ નંબર જાહેર કરવામાં આવ્યા છે.

# પાલનપુર શહેરમાં નાગરિકો દ્વારા ૧૪૪ નો ભંગ,પાલનપુર શહેર માં લોક ડાઉન જોવા મળ્યું




બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસકાંઠા જિલ્લાના વડુ મથક પાલનપુર શહેરમાં કોરોના કહેર ને કારણે માનનીય શ્રી ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા અને બનાસકાંઠા જિલ્લા કલેક્ટર સંદીપ સાંગલે દ્વારા ૧૪૪ લાગુ કરવામાં આવી છે જ્યારે પાલનપુર શહેરમાં અમુક વિસ્તારમાં ખુલ્લેઆમ નાગરિકો જોવા મળ્યા હતા જેથી બનાસકાંઠા જિલ્લા કલેકટરના આદેશ ૧૪૪ નો ભંગ કરવામાં આવી રહ્યો છે. જેથી સરકાર દ્વારા તમામ પ્રયાસો કોરોના વાઈરસને રોકવામાં આવી રહ્યા છે ત્યારે પાલનપુર શહેરમાં મુખ્ય બજારોમાં લોકોની અવરજવર મોટા પ્રમાણમાં જોવા મળી હતી અને આ કાર્યમાં પોલીસ તંત્ર સજાગ જોવા મળી હતી પણ પાલનપુર શહેરના નાગરિકો આ બનાસકાંઠા જિલ્લા કલેક્ટર દ્વારા બહાર પાડેલી ૧૪૪ ધારા નો ખુલ્લેઆમ ભંગ કરતા જોવા મળ્યા છે.જેમાં પાલનપુર જનરલ હોસ્પિટલ અને બજારમાં આવેલ મેડિકલ દુકાનો શાકભાજી અને લારીઓ નજરે જોવા મળી હતી બાકીની તમામ દુકાનો બંધ સ્થિતિમાં જોવા મળી હતી. પણ પાલનપુર શહેરમાં આવેલા શાકમાર્કેટમાં લોકોના પ્રમાણમાં વધારે ઘસારો જોવા મળ્યો હતો . પાલનપુર બસ સ્ટેન્ડ સ્તબ્ધ બંધ કરવામાં આવ્યું હતું પાલનપુર શહેર સુમસામ નજરે જોવા મળ્યું હતું.

### કોરોનામા લોકડાઉન નો ફાયદો ઉઠાવતા કેટલાક લેભાગુ કિરાણા સ્ટોરના વેપારીઓ

# મોડાસા માર્કેટયાર્ડમાં કરિયાણાના વેપારીને ત્યાં પુરવઠા વિભાગ ત્રાટક્યું



અરવલ્લી બ્યુરો મોડાસા

સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવનાર અને ભયનો આતંક સર્જનાર કોરોના વાઈરસ ઝડપથી પ્રસરતો અટકાવવા રવિવારે સમગ્ર દેશમાં દેશવાસીઓએ જનતા કર્ફ્યુ રાખ્યો હતો સોમવારે મધ્યરાત્રીએ રાજયમાં કોરોના વાઈરસના કેસમાં નોંધપાત્ર વધારો થતા લોકડાઉન કરવાની ફરજ પડી છે કોરોના વાઈરસમાં માસ્ક અને સૅનેટાઇઝરની માંગ માં વધારો થતા કાળાબજાર થવાની સાથે તંગી સર્જાઈ હતી તેવી જ સ્થિતિ હવે કરિયાણામાં થઇ રહી હોવાની બૂમો ઉઠી છે મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં કેટલાક લેભાગુ કિરાણા સ્ટોરના માલિકો મનફાવે તેમ બેફામ ભાવે જીવન જરૂરિયાત ચીજ વસ્તુઓનું વેચાણ કરતા હોવાની બૂમો ઉઠી રહી છે અરવલ્લી જીલ્લા પુરવઠા તંત્રે મોડાસા માર્કેટયાર્ડમાં કિરાણાના જથ્થાબંધ વેપારીના ત્યાં તપાસ હાથધરી હતી મોડાસા માર્કેટયાર્ડમાં આવેલી કિરાણા સ્ટોરના જથ્થાબંધ વેપારીઓના ત્યાં પુરવઠા તંત્રના અધિકારીઓ ત્રાટક્યા હતા અને જથ્થો અને ભાવ અંગે તપાસ હાથધરી હતી હાલ તો પુરવઠા તંત્રના અધિકારીઓએ આ તપાસ રૂટિન હોવાનું અને જીલ્લાવાસીઓને જીવન જરૂરિયાત ચીજ વસ્તુઓની તંગી ન સર્જાય તેની તકેદારી રૂપી વેપારીઓ સાથે ચર્ચા થઇ હોવાનું રટણ કર્યું હતું ત્યારે પુરવઠા તંત્રની જિલ્લાવાસીઓને તકલીફ ન પડે તે માટે તપાસ હાથધરી હતી કે પછી અન્ય કોઈ કારણસર તે અંગેની ચર્ચાએ વેપારી આલમમાં જોર પકડ્યું હતું

મોડાસા માર્કેટયાર્ડમાં આવેલ જાણીતા કિરાણા સ્ટોરના માલિક દ્વારા કોરોના વાઈરસના ભય અને લોકડાઉનની સ્થિતિમાં માનવતા નેવે મૂકી તેલના ડબ્બામાં રૂ.૧૦૦ થી ૧૫૦ વધુ લેવામાં આવતા હોવાની બૂમો ઉઠતા પુરવઠા તંત્ર ત્રાટક્યું હતું પુરવઠા તંત્રના અધિકારીઓની ઉપસ્થિતિમાં જ જાગૃત નાગરિકે તેલના ડબ્બામાં વેપારી ઉઘાડી લૂંટ ચલાવતો હોવાની બૂમો પાડી હોવા છતાં તંત્રના અધિકારીઓના બહેરા કાને આ બુમ ન સંભળાઈ હોય તેમ તપાસના અંતે સબ સલામત હોવાનું પુરવઠા તંત્રના દરોડામાં બહાર આવ્યું હોવાની માહિતી પ્રાપ્ત થતા પુરવઠા તંત્રની કામગીરી શંકાના દાયરામાં આવી ગઈ છે ત્યારે જીલ્લા કલેક્ટર દ્વારા પુરવઠા તંત્રના દરોડાની સમીક્ષા કરવામાં આવે તે ખુબ જરૂરી બન્યું છે



**વૈશ્વિક મહામારી કોરોના વાયરસના વધતા પ્રકોપના સંબંધમાં જરૂરી મેડિકલ સાધનો મેડિકલ કીટો લેબોરેટરીના સાધનો વેન્ટિલેટર જેવી સુવિધાઓ અને ઈમરજન્સી આવશ્યક આરોગ્યલક્ષી સુવિધાઓ માટે માનનીય સાંસદશ્રી મિતેષ પટેલ દ્વારા રૂપિયા ૫૦ લાખનું ફંડ સાંસદ નિધિમાંથી ફાળવણી કરવા જણાવેલ છે, જે સાંસદ શ્રી ની ટીમ દ્વારા આણંદ કલેક્ટર શ્રી ને આપવામાં આવ્યું.આણંદ જિલ્લામાં આરોગ્યલક્ષી સુવિધાઓ બાબતે નાણાકીય વર્ષ ૧૯-૨૦ અંતર્ગત રૂપિયા ૫૦ લાખની ફાળવણી કરવામાં આવેલ છે. વૈશ્વિક મહામારી ના સમયે આણંદ જિલ્લાની પ્રજાને નાનામાં નાની તબીબી આરોગ્યલક્ષી સુવિધાઓ પૂરી પાડી શકાય અને જરૂરી સાધનો ઉપલબ્ધ કરવાના હેતુથી ફાળવવામાં આવેલ છે, જેનાથી આરોગ્યલક્ષી સેવાઓમાં વધારો થશે.આ અનુદાનથી લોકસેવા માટે ખૂબ ઉપયોગી નીવડશે અને આપણે આ મહામારી સામેના જંગમાં જીતી શકાય. સાંસદ શ્રી દ્વારા હજુ કોઈપણ પ્રકારની આવશ્યકતા હોય તો તેઓ સહાય કરશે તેવી ખાતરી આપવામાં આવેલ છે. સરકાર શ્રી દ્વારા સમયે સમયે જાહેર થતા મહામારી ના નિયમ નું પાલન કરીએ અને અનુશાસનમાં રહીએ. આપણે સૌ ઘરમાં રહીએ શાંતિ જાળવીએ અને સ્વસ્થ રહીએ...**

### મોહદીસે આઝમ મિશન દર્દીઓના વ્હારે

# મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર લેતા દર્દીઓને ચા-જમવાની સુવિધા પુરી પાડી



અરવલ્લી બ્યુરો મોડાસા

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે દેશવાસીઓના સંબોધન દરમિયાન લોકોથી કોરોનાના બચાવ અને જાગૃતતા ફેલાવવામાં સહયોગ માંગ્યો હતો અને રવિવારને જનતા કરફ્યુનું પાલન કરવા અપીલ કરતા સમગ્ર દેશ સહીત ગુજરાતમાં જનતા કર્ફ્યુનો જબરજસ્ત સમર્થન મળ્યું છે જનતા કર્ફ્યુમાં મોડાસા શહેર સજ્જડ બંધ રહ્યું હતું બીજા દિવસે પણ ૧૪૪ કલમની કડક અમલવારીના પગલે સતત બીજા દિવસે પણ બજાર બંધ રહેતા શહેરની ખાનગી હોસ્પિટલમાં દાખલ દર્દીઓ અને તેમના સ્વજનોની હાલત કફોડી બનતા મોહદીસે આઝમ મિશન તેમની મદદે પહોંચ્યું હતું ૨૯૦ થી વધુ દર્દીઓને ચા-કોફી નાસ્તા અને ફૂડ પેકેટ ની બે દિવસ સતત હૂંફ આપી હતી

મોડાસા શહેરમાં મોહદીસે આઝમ મિશન નામની સંસ્થા લઘુમતી વિસ્તારમાં જરૂરિયાતમંદ લોકોને ૩૬૫ દિવસ નિ:શુલ્ક ભોજન અને નિસહાય લોકોને ટિફિન પહોંચાડવાની અનોખી સેવા કરી રહી છે આરોગ્ય નગરી તરીકે જાણીતા મોડાસા શહેરમાં મોટી સંખ્યામાં ખાનગી હોસ્પિટલોમાં સારવાર અર્થે દાખલ થયેલ રાજસ્થાન સહીત ગ્રામ્ય વિસ્તારોમાંથી આવેલ દર્દીઓની બજારો બંધ રહેતા હાલત કફોડી બની હતી ચા-નાસ્તા અને જમવાની તકલીફ પડતા આ અંગેની જાણ મોહદીસે આઝમ મિશન સંસ્થાને થતા તાબડતોડ મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓ અને તેમાં સગા-સંબંધીઓને ટિફિન સુવિધા અને ચા-નાસ્તા અને બિસ્કિટની સુવિધા પુરી પાડી હતી ૧૪૪ કલમની કડક અમલવારીના પગલે સતત બીજા દિવસે પણ બજાર બંધ રહેતા દર્દીઓને સહારે બીજા દિવસે મોહદીસે આઝમ મિશને ફૂડ પેકેટ પુરા પાડી માનવતાના દર્શન કરાવ્યા હતા

મોહદીસે આઝમ મિશન ના પ્રમુખ અશિકે રસુલ, ગુલામનબી બારીવાલા અરવલ્લી મહીસાગર ના નિગરાન આરીફ સિધવા ,ઉપ-પ્રમુખ ઝાહીદ બાંડી, ગુલામ બાંડી,યુનુસ સુથાર, આરીફ ઝાંઝ ડોકટર ઈમરાન પઠાણ હાજી શકીલ શૈખ, અશરફ સિધવા ઈમ્તિયાઝ બાંડી સલીમ ઉપાદ, ઈદરિષ સાબલિયા ઝાકીર બાંડી સાબિર ખોખર અબ્દુલ હમિદ ખેરાડા સિદ્દીક પટેલ તાહિર ચુડઘર વગેરે ખડે પગે રહ્યા હતા જયાં સુધી લોકડાઉન ની પરિસ્થતી રહેશે ત્યાં સુધી મિશન જમવાની વ્યવસ્થા પુરી પાડવાનો નીર્ધાર વ્યક્ત કર્યો હતો

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.